# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત–૨૫૩૮ : અંક–૧૭૯ વર્ષ - ૧૬ : ઑગસ્ટ–૨૦૧૨

## આસો સુદ ૮, સોમવાર તા. ૦૯-૧૦-૧૯૭૮.
## બહેનશ્રીનાં વચનામૃત–૩૦૬ ઉપર પ્રવચન, પ્રવચન–૧૧૪

**રુચિનું પોષણ અને તત્ત્વનું ઘૂંટણ ચૈતન્યની સાથે વણાઈ જાય તો કાર્ય થાય જ. અનાદિના અભ્યાસથી વિભાવમાં જ પ્રેમ લાગ્યો છે તે છોડ. જેને આત્મા પોષાય છે તેને બીજું પોષાતું નથી અને તેનાથી આત્મા ગુપ્ત-અપ્રાપ્ય રહેતો નથી. જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ. ૩૦૬.**



'વચનામૃત'. ૩૦૬નો છેલ્લો બોલ છે. ફરીને. ૩૦૬ બોલ. સૂક્ષ્મ છે, ભાઈ ! આ તો તત્ત્વની વાત (છે). ૩૦૬ બોલ છેલ્લો શબ્દ. **'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ?' 'જાગતો જીવ ઊભો છે...'** શું કહે છે ? ઝીણી વાત છે, પ્રભુ ! જેને સમ્યગ્દર્શન પામવું હોય, ધર્મની પહેલી સીઢી, તો કહે છે કે, પ્રભુ ! જે અંદર આત્મા છે એ જાગતો જીવ ઊભો છે ને. એ શરીર, વાણી, મનથી તો પર છે, પણ અંદર દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભાશુભ થાય, એનાથી પર છે. એની એક સમયની અવસ્થા છે, એથી જાગતો જીવ ધ્રુવ તો પર્યાયથી જુદો ઊભો છે ને. આહા..હા..! શું કહે (છે) ?

જ્ઞાયક તત્ત્વ, ચૈતન્ય તત્ત્વ, ચૈતન્ય પ્રકાશનું નૂરનું પૂર, ભગવાન જાગ્રત જ્યોત, ઊભો છે ને. ઊભો છે એટલે ધ્રુવ છે ને. ઊભોની અંદર એ છે. આહા..હા..! તું અંતર એક સમયની પર્યાયમાં પર્યાયથી જો કે આ જાગતો જીવ ઊભો છે. જોનાર છે એ જ્ઞાનની વર્તમાન પર્યાય છે. પણ પર્યાયની ખબર (ન હોય), દ્રવ્યની ખબર (ન હોય), બાપુ ! આકરી વાતું છે, બાપુ ! વીતરાગનો માર્ગ.. આહા..હા..! જે વર્તમાન જ્ઞાનની પર્યાય છે, એ પુણ્ય-પાપના રાગથી ભિન્ન છે અને એ પર્યાય જાગતો જીવ અંદર છે એને જોવે છે. આહા..! આવી વાત છે.

પ્રશ્ન :– ઊંઘી ગયેલો જીવ કેવો કહેવાય ?

ઉત્તર :– ઊંઘ્યો છે જ નહિ. એ ત્રિકાળ જાગતી જ્યોત ભગવાન ચૈતન્યપ્રકાશનું નૂર. અરે..! એને ક્યાં ખબર છે કે વસ્તુ અંદર શું છે. જિનેશ્વર ત્રિલોકનાથ પરમેશ્વર એમ ફરમાવે છે, ભાઈ ! પ્રભુ ! તું આત્મા

અંદર જાગતી જ્યોત ચૈતન્ય રસનો કંદ છે ને. આહા..હા..! જાગતો એટલે કે કોઈ દિ' ઊંઘતો નથી. એને કોઈ દિ' નિદ્રા નથી. આહા..હા..! એના સ્વભાવમાં કદી અશુદ્ધતા નથી, એના સ્વભાવમાં કદી અપૂર્ણતા નથી, એના ત્રિકાળી જાગતી જ્યોતને કદી આવરણ નથી. આહા..હા..! આકરી વાત, ભાઈ ! વીતરાગ માર્ગને સમજવો એ બહુ અલૌકિક વાતું છે. આ ક્રિયાકાંડ કર્યા, આ દયા પાળી વ્રત કરી ને ભક્તિ એ તો બધી શુભરાગની ક્રિયાઓ છે. એ કાંઈ ધર્મ નથી ને ધર્મનું કારણ પણ નથી.

મુમુક્ષુ :– એ કરતા કરતા થાય ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ કરતાં કરતાં, ઝેરને પીતા પીતા કસ્તુરીનો ઓડકાર આવે એવું છે. લસણ ખાતા ખાતા કસ્તુરીનો ઓડકાર આવે તો એ રાગની ક્રિયા કરતાં કરતાં ધર્મ થાય. આહા..હા..! લોકોને ખબર નથી, બાપુ ! માર્ગની ખબર નથી. આહા..હા..! આ તો માટી-ધૂળ છે, એનાથી તો પ્રભુ જુદો છે પણ કર્મના આઠ રજકણો છે, એનાથી તો ભગવાન અંદર જુદો છે અને અંદર પુણ્ય અને પાપના વિકલ્પો થાય છે એ તો વિકૃત વિકારી વિભાવ દશા છે. એ કાંઈ આત્મામાં નથી અને આત્મા એમાં નથી. આહા..હા..! એને વિભાવને જાણનારી વર્તમાન જ્ઞાન અવસ્થા છે, એ જ્ઞાન અવસ્થામાં આખું દ્રવ્ય નથી. આખું તત્ત્વ જે આત્મતત્ત્વ છે એ એક અંશમાં તત્ત્વ નથી. આહા..હા..! આવી વાતું મોં માથા વિનાની વાતું લાગે લોકોને. શું થાય ? ભાઈ ! આહા..હા..!

કહે છે કે, એક સમયની જે જ્ઞાનની પર્યાય છે ને અત્યારે પ્રગટ, એ પર્યાયમાં આખું દ્રવ્ય આવ્યું નથી, દ્રવ્ય જે વસ્તુ છે એ તો જાગતી જ્યોત ચૈતન્યમૂર્તિ ધ્રુવ ઊભો છે કાયમ. આવી વાત છે, ભાઈ ! શું થાય ? ભાષા તો ઘણી ટૂંકી છે પણ જાગ્રત જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ છે, ત્રિકાળ છે, ત્રિકાળ છે. એ જાગતી જ્યોત પ્રભુ ! ઊભો છે ને. એટલે ? ધ્રુવ છે ને. એટલે ? અવિનાશી તત્ત્વ છે ને એ. આહા..હા..! એ તત્ત્વ તો પરિણમતું પણ નથી. પરિણમે છે એ પર્યાય છે. આહા..હા..! હવે આવી વાતું આકરી પડે. શું થાય ? એ જાગતો જ્ઞાયક સ્વભાવ, જાણક સ્વભાવનો પિંડ પ્રભુ ઊભો છે ને આમ ધ્રુવ છે ને. પ્રભુ ! ત્યાં નજર કર. આહા..હા..! તને ભગવાન આત્મા હાથ આવશે. ત્યારે તો તને સમ્યગ્દર્શન થશે. આવી વાત છે.

**'જાગતો જીવ ઊભો છે ને...'** હિન્દીમાં હૈ લેવું. **'તે ક્યાં જાય ?'** આહા..હા..! ધ્રુવ સ્વરૂપ જાગ્રત જ્ઞાયક સ્વરૂપ એ ક્યાં જાય ? ક્યાં એ રાગમાં આવે ? ક્યાં શરીરમાં આવે ? ક્યાં એક સમયની એની પર્યાય, એમાં આવે ? આહા..હા..! જાગતો જીવ ધ્રુવ છે ને. આહા..હા..! ઉત્પાદ-વ્યય-ધ્રુવ યુક્તમ સત્. સમજાણું કાંઈ ? આહા..હા...! આ છેલ્લા શબ્દની વાતું છે ને ? ભાઈના છોકરાએ માગ્યું હતું. એ વાત. આહા..! અહીં તો પરમાત્માની વાણી છે એ આ છે. આહા..હા..! છેલ્લો શબ્દ છે ને ? જાગતો જીવ, જ્ઞાયક જીવ, જાણનાર જીવ, જ્ઞાતા જીવ, દૃષ્ટા જીવ, આહા..હા..! એ ધ્રુવ છે ને. તે ક્યાં જાય ? ધ્રુવ ક્યાં જાય ? ધ્રુવ ક્યાં પલટન પર્યાયમાં આવે ? ધ્રુવ ક્યાં શરીરમાં આવે ? આહા..હા..! ધ્રુવ ક્યાં દયા, દાનના રાગમાં, વિકલ્પમાં આવે ? ધ્રુવ તો ઊભો છે, ધ્રુવ ત્રિકાળ છે. આહા..હા..!

**'જાગતો જીવ ઊભો છે તે ક્યાં જાય ? જરૂર પ્રાપ્ત થાય જ.'** જો ત્યાં ધ્રુવ છે ત્યાં નજર કર તો તને પ્રાપ્ત થાય, પ્રભુ ! આહા..હા..! આકરું કામ. આવી વાતું છે. અગિયારમી ગાથામાં કહ્યું ને ? **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो'** એ આ શબ્દ છે. ભૂતાર્થ ત્રિકાળી ભગવાન જ્ઞાયક સ્વરૂપ ધ્રુવ, ઉત્પાદ-વ્યયની પર્યાય છે એનાથી પણ ભિન્ન. દયા, દાનના, રાગના વિકલ્પથી તો ભિન્ન છે, પણ તે સમયની પર્યાય છે તેટલી પર્યાયમાં તે નથી, તેનાથી ભિન્ન વસ્તુ છે. આહા..! એ જાગતી જ્યોત ધ્રુવ છે, એ ક્યાં જાય ? શેમાં આવે ? શેમાં સમાય ? આહા..હા..! ક્યાં જાય ? ધ્રુવ છે ત્યાં નજર કર, જરૂર તને ધ્રુવની પ્રાપ્તિ થાશે, ભાઈ ! આહા..હા..! તારા સમ્યગ્દર્શનમાં ધ્રુવ ઉપર નજર કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. આહા..હા..!

મુમુક્ષુ :– ધ્રુવ તો અહીં તારામાં દેખાય.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ ધ્રુવ (નહિ), એ ધ્રુવને

શું કહેવું છે ? એ ધ્રુવને લક્ષે તો આગબોટ ચાલે, આ ધ્રુવને લક્ષે તો સમ્યગ્દર્શન થાય. આવી વાત છે, પ્રભુ ! શું થાય ? ભાઈ ! અત્યારે તો એવા ગોટા ઊઠ્યા છે ને.

મુમુક્ષુ :– કેવા ગોટા ઊઠ્યા છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ રાગથી ધર્મ થાય ને દયા, દાનથી ધર્મ થાય ને વ્રત પાળો તો ધર્મ થાય ને અપવાસ કરો તો ધર્મ થાય. એ તો બધી રાગની ક્રિયા છે, પ્રભુ ! તને ખબર નથી. એ તો વૃત્તિનું ઉત્થાન છે. એમાં સ્વરૂપ ક્યાં છે ? આહા..હા..! બે કાગળ આવ્યા હતા. આ ફરીને વાંચશે, ભાઈ ! બહુ ખુશાલી બતાવે છે. ઓલું પાર્સલ મોકલ્યું છે ને અહીંથી ? ચારસોનું પહોંચી ગયું અને મફત મોકલ્યું એટલે તો બહુ ખુશી થયો. ઓહો..હો..! અને ત્યાં 'જાલના'માં સ્થાનકવાસીના સાધુનું ચોમાસુ છે. આનંદ ઋષી, સ્થાનકવાસીના આચાર્ય છે અને એને માણસો 'બેંગલોર', 'હૈદ્રાબાદ' ત્યાં અમે ગયા હતા ને ? માણસો બહુ આવતું. એ લોકો આવે છે બહુ. એટલે કે મારી પાસે દર્શન કરવા આવે છે. સ્થાનકવાસીના સાધુ પાસે જાય એટલે આ દિગંબર દેખાય ને ? આવે છે અને મારી પાસે આવીને... બિચારાએ એમ તો ઓલામાં લખ્યું હતું કે, મારામાં કાંઈ ગુણ તો છે નહિ. પણ એ આવે છે એ બધા 'ચંપાબહેન'નું પુસ્તક માગે છે. બહાર પ્રસિદ્ધ થઈ ગયા. ન્યાં તેરાપંથી પણ છે ત્યાં. સ્થાનકવાસીના તેરાપંથી છે ને એ ? તુલસી. એનો પણ પંથ છે. દિગંબર છે, શ્વેતાંબર છે, સ્થાનકવાસી છે. એમ આણે જે આ 'બહેન'ના પુસ્તકોનો પ્રચાર કર્યો, એ માગણી કરે છે. શું છે આ ? અરે..! ભાઈ ! એ વસ્તુ છે એ તત્ત્વની વસ્તુ છે. આહા..હા..! સમ્યગ્દર્શન પ્રથમ કેમ પમાય એની રીત અને પદ્ધતિ શું ? એ છે આ. આહા..હા..!

ચારિત્ર તો પછી સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં રમણતા કરે તેને ચારિત્ર કહીએ. ચારિત્ર કોઈ આ દેહની ક્રિયા, નગ્ન અને પંચ મહાવ્રતના પરિણામ એ તો રાગ છે બધા, એ કાંઈ ચારિત્ર નથી. આહા..હા..! ચરવું એ તો (અલૌકિક વાતું છે).

પહેલી જાગ્રત જ્યોત, ચૈતન્યના તેજથી ભરેલો ભગવાન ધ્રુવ છે ને. જરૂર પ્રાપ્ત થશે. પ્રભુ ! ત્યાં તું જા નજર કર, તને પ્રાપ્ત થશે. આહા..હા..! તારી નજરમાં રાગ ને દ્વેષ ને પુણ્ય ને પાપ અને શરીર આદિ પર ઉપર તારી નજરું છે, એ પ્રભુ ! નજર ફેરવ. એ જ્ઞાનની પર્યાયનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. પર્યાયનો, હોં ! એ સ્વ-પરપ્રકાશકમાં સ્વને પ્રકાશતો નથી અને એકલા પરને પ્રકાશે કે, રાગ છે ને પુણ્ય છે ને શરીર છે ને બાયડી છે ને બધું છ દ્રવ્ય છે, એ તો પરપ્રકાશક થયું. એ જ્ઞાનની પર્યાય મિથ્યા થઈ. આહા..હા..! એ જ્ઞાનની પર્યાય જેની છે ધ્રુવની, એને નજરમાં કરે ત્યારે તેને સમ્યગ્દર્શન થાય. હવે આવી વાતું છે. ત્યારે તો ચોથું ગુણસ્થાન હજી, હોં ! પાંચમું જે આ શ્રાવક-બાવક કહેવાય છે અત્યારના એ તો બધા સમજવા જેવા છે. આહા..હા..! બાપુ ! મારગડા જુદાં, ભાઈ ! આહા..હા..!

નિત્યાનંદનો નાથ પ્રભુ ! અવિનાશી વસ્તુ પડી છે ને અંદર. આહા..હા..! ધ્રુવ છે ને ? નિત્ય છે ને ? અખંડ છે ને ? એકરૂપ છે ને ? સામાન્ય છે ને ? આ બધા એના વિશેષણો છે, પ્રભુ ! આહા..હા..! ઝીણી વાત, ભાઈ ! આ તો સમ્યગ્દર્શન પામવાની પદ્ધતિ કઈ, એ વાત છે. આમ માની બેસે કે, દેવ-ગુરુ-શાસ્ત્રને અમે માનીએ છીએ માટે સમ્યગ્દર્શન. એ બધી મિથ્યા વાત છે. એવું તો અનંતવાર કર્યું એ કાંઈ વસ્તુ નથી.

ચૈતન્ય સ્વભાવી ભગવાન આત્મા જાગતી જ્યોત જાગ્રત સ્વભાવથી ભરેલો ભગવાન છે. એ જ્ઞાનના સ્વભાવથી ભરેલો દરિયો, સાગર છે. એ છે ને. છે ને એને નજરમાં લે, તને જરૂર પ્રાપ્ત થશે. એ પર્યાયને ધ્રુવ છે તેની સન્મુખ કર. પર્યાય છે એ ધ્રુવથી અનાદિથી વિમુખ છે. વર્તમાન જ્ઞાનની પર્યાય છે અનાદિથી સ્વ સ્વરૂપથી વિમુખ છે. એ આ રાગને કર્યો ને દયા પાળી અને ભક્તિ કરી એના પરિણામને એ જાણે. આહા..હા..! આમાં કેટલું ભર્યું છે ! પણ તે જ્ઞાનની પર્યાય ધ્રુવ સ્વરૂપ છે, ઊભો છે, નિત્યાનંદ છે, એને જો નજર કરે તો પર્યાયમાં ધ્રુવપણાની પ્રાપ્તિ (થાય). ધ્રુવ પર્યાયમાં

આવે નહિ, પણ પર્યાયમાં ધ્રુવનું જેટલું સામર્થ્ય છે, એટલું તેના જ્ઞાનમાં, પ્રતીતિમાં આવી જાય. કઈ જાતનો આ તે ધર્મ ! ભાઈ ! જૈનધર્મ તો આ દયા પાળવી ને વ્રત કરવા ને અપવાસ કરવા ને કંદમૂળ ન ખાવા ને... એ..ઇ..! અરે..! ભગવાન ! બાપુ ! એ તો

મુમુક્ષુ :– ભગવાનના દર્શન કરવા, પૂજા કરવી...

પૂજ્ય ગુરુદેવશ્રી :– આ પૂજા કરવી, દેરાસરમાં દર્શન કરવા, ભાઈ ! એ બધી વાતું શુભભાવની છે, પ્રભુ !

મુમુક્ષુ :– વરઘોડા કાઢવા.

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ વરઘોડા-બરઘોડા બધા રથયાત્રા. આહા..હા..! આ લોકોમાં તો દેરાવાસીમાં એ કે સિદ્ધચક્રની પૂજા કરો ને આ કરો ને દહન કરો. એ બધી ક્રિયાઓમાં રાગ છે, બાપા ! આહા..! એ રાગ એ ધર્મ નથી.

મુમુક્ષુ :– ... પરસન્મુખનો ભાવ...

પૂજ્ય ગુરુદેવશ્રી :– એ તો પરસન્મુખ ભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ ? આ એટલાનો અર્થ થાય છે હજી તો આ, હોં ! ભાષા સાદી છે ને.

જાગતો જીવ ધ્રુવ છે. ઊભો એટલે ધ્રુવ. નિત્ય જાગતી જ્યોત પ્રભુ આત્મા નિત્ય વસ્તુ છે. તે ક્યાં જાય ? ધ્રુવ છે તે નિત્ય છે તે ક્યાં જાય ? આહા..હા..! નિત્ય વજનું બિંબ જેમ હોય... આહા..હા..! એમ જ્ઞાનનું જાગ્રત સ્વરૂપનું બિંબ પ્રભુ છે. અરે..! પણ હજી કોઈ દિ' વિચાર પણ કર્યા ન હોય. આહા..!

**'જરૂર પ્રાપ્ત થાય જ.'** છે ધ્રુવપણે તે ધ્રુવની પ્રાપ્તની પ્રાપ્તિ થાય જ. છે તેને દૃષ્ટિમાં લેતા... આહા..હા..! તેની જ્ઞાનની પર્યાયમાં છે તેને પર્યાયમાં જાણતા જરૂર પ્રાપ્ત થાય. આહા..હા..! અરે..! આવી વાત છે. આવો ધર્મ હશે ? ભાઈ ! આ તો વસ્તુ છે, બાપા ! શું કરે ? આહા..! ત્રણલોકના નાથ, 'સીમંધર' ભગવાન પ્રભુ બિરાજે છે, ભરતક્ષેત્રમાં એના વિરહ પડ્યા. અને લોકોએ પોતાની કલ્પનાએ ધર્મના સ્વરૂપ આપ્યા. ભાઈ ! ત્રણલોકના નાથ 'સીમંધર' પ્રભુ મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ત્યાંથી આવેલી આ વાણી છે. આહા..હા..! આ એનો એટલાનો અર્થ થયો. ૨૦ મિનિટ થઈ, હવે ૩૦૭, પછીનો ૩૦૭.

---

*(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક)*

થતો નથી. અત્ર તો લોકસંજ્ઞાએ, ઓઘસંજ્ઞાએ, માનાર્થે, પૂજાર્થે, પદના મહત્ત્વાર્થે, શ્રાવકાદિનાં પોતાપણાર્થે કે એવાં બીજાં કારણથી જપતપાદિ, વ્યાખ્યાનાદિ કરવાનું પ્રવર્તન થઈ ગયું છે, તે આત્માર્થ કોઈ રીતે નથી, આત્માર્થના પ્રતિબંધરૂપ છે, માટે જો તમે કંઈ ઇચ્છા કરતા હો તો તેનો ઉપાય કરવા માટે બીજું જે કારણ કહીએ છીએ તે અસંગપણાથી સાધ્ય થયે કોઈ દિવસે પણ કલ્યાણ થવા સંભવ છે.

અસંગપણું એટલે આત્માર્થ સિવાયના સંગપ્રસંગમાં પડવું નહીં, સંસારના સંગીના સંગમાં વાતચીતાદિ પ્રસંગ શિષ્યાદિ કરવાના કારણે રાખવો નહીં, શિષ્યાદિ કરવા સાથે ગૃહવાસી વેષવાળાને ફેરવવા નહીં. દીક્ષા લે તો તારું કલ્યાણ થશે એવાં વાક્ય તીર્થંકરદેવ કહેતા નહોતા. તેનો હેતુ એક એ પણ હતો કે એમ કહેવું એ પણ તેનો અભિપ્રાય ઉત્પન્ન થવા પહેલાં તેને દીક્ષા આપવી છે; તે કલ્યાણ નથી. જેમાં તીર્થંકરદેવ આવા વિચારથી વર્ત્યા છે, તેમાં આપણે છ છ માસ દીક્ષા લેવાનો ઉપદેશ જારી રાખી તેને શિષ્ય કરીએ છીએ તે માત્ર શિષ્યાર્થ છે, આત્માર્થ નથી. પુસ્તક છે તે જ્ઞાનના આરાધનને અર્થે સર્વ પ્રકારના પોતાના મમત્વભાવ રહિત રખાય તો જ આત્માર્થ છે, નહીં તો મહાન પ્રતિબંધ છે, તે પણ વિચારવા યોગ્ય છે.

આ ક્ષેત્ર આપણું છે, અને તે ક્ષેત્ર જાળવવા ચાતુર્માસ ત્યાં રહેવા માટે જે વિચાર કરવામાં આવે છે તે ક્ષેત્રપ્રતિબંધ છે. તીર્થંકરદેવ તો એમ કહે છે કે દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, અને ભાવથી એ ચારે પ્રતિબંધથી જો આત્માર્થ થતો હોય અથવા નિર્ગ્રંથ થવાતું હોય તો તે તીર્થંકરદેવના માર્ગમાં નહીં, પણ સંસારના માર્ગમાં છે. એ આદિ વાત યથાશક્તિ વિચારી આપ જણાવશો. લખવાથી ઘણું લખી શકાય એમ સૂઝે છે, પણ અત્યારે અત્ર સ્થિતિ કરે છે.

લિ. રાયચંદના પ્રણામ.



# શ્રી પરમાગમસાર, વચનામૃત–૩૪૬, ૩૪૭ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન, પ્રવચન નં. ૧૭૦ (તા.૩૦-૮-૧૯૮૩, ભાવનગર)

**રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે. તેનાથી મુક્ત થવા ઇચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું? – કે આત્માને જાણવો. એ તો ચૈતન્યરત્નાકર છે. ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે. પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને સૌ પ્રથમ જાણનાર સચ્ચિદાનંદપ્રભુને જાણવો. ૩૪૬.**

૩૪૬. **'રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે.'** 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથાના (પ્રવચનમાંથી) આ બોલ લીધો છે. ઘણા બોલ લીધા છે. ૩૫૪ સુધીના બોલ 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાંથી લીધા છે. 'સમયસાર'ની આ ૧૭-૧૮ ગાથા એવી છે, કે જેની અંદર બહુ સરળ ઉપાય, ટૂંકામાં ટૂંકો ઉપાય, આબાળ-ગોપાળને સમજાય એવો ઉપાય સમજાવ્યો છે. એ વિષય બહુ સારી રીતે આ ગાથામાં આવ્યો છે. આ પ્રવચનમાં પણ ઘણી વાતો 'ગુરુદેવશ્રી'એ ખોલી છે.

**'રાગદ્વેષનો વિકારભાવ, રાગદ્વેષની પરિણતિ તે દુઃખ છે.'** તમામ પ્રકારના વિભાવો–રાગ હોય, દ્વેષ હોય, પ્રશસ્ત હોય, અપ્રશસ્ત હોય, રાગ અને દ્વેષ પ્રશસ્ત પણ છે અને અપ્રશસ્ત પણ છે. એ તમામ **'પરિણતિ તે દુઃખ છે.'** બધામાં સામાન્ય, બધા વિધવિધ ભાવોમાં તમામ વિકાર છે, એ તમામમાં કોઈ સામાન્ય તત્ત્વ હોય તો તે દુઃખરૂપ તત્ત્વ છે, દુઃખભાવરૂપ તત્ત્વ છે. દુઃખ બધામાં છે, સુખ એકેયમાં નથી.

**'તેનાથી મુક્ત થવા ઇચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું ?'** એમ કહે છે. ત્યાં એક શબ્દ આવ્યો છે, કે મોક્ષાર્થી જીવ પ્રયત્ન કરશે. બીજો જીવ પ્રયત્ન નહિ કરે. શબ્દ શું વાપર્યો છે ? મોક્ષાર્થી. પૂર્ણ, પરિપૂર્ણતાનું જેને ધ્યેય છે. મોક્ષ એટલે પૂર્ણ દશા. એનો જે અર્થી. (મોક્ષ) પ્રાપ્તિની અભિલાષાવાળો જીવ છે, એનું જેણે ધ્યેય બાંધ્યું છે કે પૂર્ણ શુદ્ધ થવું છે. સંપૂર્ણ નિર્દોષ થવું છે, સંપૂર્ણ પવિત્ર થવું છે. એક દોષનો કણ મારે ન જોઈએ તે ન જોઈએ. કોઈ કિંમતે ન જોઈએ. એવો જે મોક્ષાર્થી છે. અહીંયાં એ પહેલી શરત છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પરિણમવા માટે મોક્ષાર્થી થવાની શરત છે. એમ ને એમ આવી જાય, કે ચાલો શાસ્ત્રનું અધ્યયન કરી લઈએ, વાંચી લઈએ, શીખી લઈએ, ભણી લઈએ. એ રીતે કાંઈ અહીંયાં મોક્ષમાર્ગમાં પ્રવેશ મળતો નથી. ત્યાં મૂળ ગાથામાં શબ્દ વાપર્યો છે. પછી તેનું જ કરવું અનુચરણ મોક્ષાર્થીએ. એમ કરીને મોક્ષાર્થી શબ્દ મૂળ ગાથામાં 'કુંદકુંદાચાર્યે' વાપર્યો છે. એ મોક્ષાર્થી દુઃખથી મુક્ત થવા ઇચ્છે છે. દુઃખથી મુક્ત થવા ઇચ્છે છે એટલે સર્વ પ્રકારના વિકારભાવથી મુક્ત થવા ઇચ્છે છે. જેટલા વિકારભાવ છે એ તમામમાં દુઃખ છે. વિકારથી મુક્ત થવું એમ કહો કે દુઃખથી મુક્ત થવું એમ કહો બંને એક જ વાત છે. એમાં કહેવાનો આશય જુદો રહેતો નથી.

એવા **'મુક્ત થવા ઇચ્છતા મોક્ષાર્થી પુરુષે સૌ પ્રથમ શું કરવું ?'** પુરુષ નામ અહીં આત્મા. એવા

**'મોક્ષાર્થી પુરુષે...'** એટલે એવા આત્માએ. પુરુષાર્થ કરનાર તે પુરુષ એમ લેવું છે. **'સૌ પ્રથમ શું કરવું?– કે આત્માને જાણવો.'** પહેલી વાત આ છે. દર્શન-જ્ઞાન-ચારિત્રના ત્રણ બોલમાં પણ પહેલી આ વાત લીધી છે, કે સૌ પ્રથમ આત્માને જાણવો. પહેલા શ્રદ્ધવો કે જાણવો ? કે પહેલા જાણવો. એમ વાત લીધી છે. બીજી ક્રિયા કરવાનો તો પ્રશ્ન નથી કે પહેલા તું તારી શક્તિને અન્ય સ્થાનમાં લગાવ, એ વાત તો છે નહિ. પહેલા પ્રથમમાં પ્રથમ તારા મૂળ સ્વરૂપને ખરેખર તું કોણ છો, કેવો છો ? એ જાણવામાં તારા જ્ઞાનની શક્તિને અને તારા પુરુષાર્થની શક્તિને એમાં તું લગાવ.

**'આત્માને જાણવો. એ તો ચૈતન્યરત્નાકર છે.'** આકર એટલે સમુદ્ર. જેમ સમુદ્રમાં ઘણા રત્નો હોય છે. એમ આત્મા ગુણસમુદ્ર છે. 'પૂજ્ય બહેનશ્રી' આ શબ્દ વાપરે છે. ગુરુઆજ્ઞાએ વર્તવું એ તો તારા ગુણસમુદ્ર પ્રગટવાનું કારણ છે. આમ લીધું છે. ગુરુઆજ્ઞાએ વર્તવું એ તો તારો ગુણસમુદ્ર પ્રગટવાનું કારણ છે. આમ વાત લીધી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– યાદ નથી પણ વિષય તો સારો લીધો છે. વચનામૃત છે ? પાછળ એક જગ્યાએ લખ્યું છે. 'મોટા પુરુષથી ડરવું.' એમ કરીને વાત લીધી છે. એમાં આ વાત લીધી છે.

મુમુક્ષુ :– ૩૩૪.

પૂજ્ય ભાઈશ્રી :– ૩૩૪ છે. **'આત્માર્થીને શ્રી ગુરુના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે.'** જ્ઞાનીના સમાગમમાં પુરુષાર્થ સહજ થવાનું એ કારણ છે. એકલે હાથે કરવા જાય અને ભૂલો પડે તો એને ખબર પડશે નહિ. ક્યાં ભૂલે છે એ એને કોણ કહેશે ? આત્માર્થી જીવ હોય અને જ્ઞાનીનું સાન્નિધ્ય મળે, ગુરુનું સાન્નિધ્ય મળે તો એને સાચી પુરુષાર્થની દિશા મળે, ભૂલ ન થાય અને સહેજે પુરુષાર્થ થાય, જાણે ઓછા પરિશ્રમે કાર્ય થાય એવો એક પ્રકાર ઉત્પન્ન થાય છે. એ તો અનુભવ કર્યો છે એને કહે છે.

**'હું તો સેવક છું—એ દૃષ્ટિ રહેવી જોઈએ. 'હું કાંઈક છું' એમ થાય...'** એમ મને પણ ખબર પડે છે, હું પણ જાણું છું, મને પણ સમજાણું છે, કાંઈ નથી સમજાણું એમ નહિ, કાંઈક મને પણ સમજાય છે, એમ કાંઈક છું **'એમ થાય તો સેવકપણું છૂટી જાય છે.'** બહુ હું મોટો છું, ફલાણો છું એમાંથી તો સાવ ગયો, કહે છે. પણ કાંઈક છું એમ આવ્યું, એટલે એનું સેવકપણું છૂટી જાય છે. આ તો કેટલી નમ્રતાવાળાનું કામ છે. જ્ઞાનીના સાન્નિધ્યમાં પણ કેટલા નમ્ર થઈને રહેવું એ પ્રકાર છે એમાં.

**'સેવક થઈને રહેવામાં લાભ છે. સેવકપણાનો ભાવ ગુણસમુદ્ર આત્મા પ્રગટવાનું નિમિત્ત થાય છે.'** ચૈતન્યરત્નાકર કહે છે ને? આત્મા અનંત ગુણનો રત્નાકર છે. અનંત ચૈતન્યરત્નો જેમાં ભર્યા છે. એ ગુણરત્નો છે. એમાં જે જ્ઞાનીના સાન્નિધ્યમાં નમ્રપણું છે. બહુ માર્મિક વિષય છે આ.

'ગુરુદેવ' એક દૃષ્ટાંત આપતા. સમવસરણનું દૃષ્ટાંત આપતા. એમ ન કહે, કે તમે અહીંયાં નરમ થઈને રહેજો. કેમકે એ પોતાનો વિષય થઈ ગયો. એટલે (એમ કહેતા), ઇન્દ્રો હોય, સો ઇન્દ્રો નમે છે ને? તીર્થંકર તો શત ઇન્દ્ર વંદિત છે. એ ઇન્દ્રો પણ જ્યાં ગલુડિયાની જેમ સાંભળવા બેસે. ઠૂંઠ થઈને ન બેસે. હું કાંઈક છું એવા અભિમાનથી ન બેસે. એનો અર્થ બીજો છે, કે અંદરમાં ગુણસમુદ્ર ભર્યો છે એને પ્રગટ થવાનું અહીંયાં પહેલી પરિસ્થિતિ ઊભી થવી જોઈશે. એનું બાધક કારણ નાશ પામવું ઘટે છે. એ બાધક કારણ નાશ ન પામે ત્યાં સુધી એને સત્સંગ મળે તો પણ સત્સંગ ફળવાન થતો નથી. એ પરિસ્થિતિ થાય છે.

**'એ તો ચૈતન્યરત્નાકર છે.'** જે આત્માને જાણવાનો અહીંયાં ઉપદેશ છે એ આત્મા કેવો છે ? કે **'ચૈતન્યરત્નાકર છે. ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે.'** કોઈપણ શુભભાવ તે ગુણ નથી. લૌકિકમાં દાન દેનારને ઉદારતાનો ગુણ છે એમ કહેવાય. ઉદારતાથી દાન આપે, તો એમ કહેવાય કે આનામાં આ ગુણ છે. પણ એ દાનનો, દયાનો રાગ છે એ અલૌકિક માર્ગમાં ગુણ કહેવાતો

નથી. આટલો ફેર છે. એટલો મોટો ફેર છે. જેને લોકો, જગત આખું ગુણ કહે, એને જૈનદર્શનમાં દોષના ખાતામાં ચઢાવવામાં, ખતવવામાં આવે, તો એ ગુણ કોને કહેવા માગે છે એ વિચારવા જેવો વિષય છે. વિચક્ષણ જીવ હોય તો ચોંકી જાય. અરે..! આને દોષ કહે છે તો આ ગુણ કોને કહેવા માગે છે ? ગુણ કેવો અલૌકિક હશે ?

'સોગાનીજી'એ એક પત્રમાં લખ્યું છે, કે ક્ષમા આદિ વિભાવ, ક્ષમાદિ કા ભાવ, ઐસા દોષ મૈંને કભી કિયા હી નહીં. આ પર્યુષણમાં પછી ક્ષમાપના કરે છે કે નહિ ? દૂરના ક્ષેત્રમાં હોય તો આપસમાં ક્ષમાપના લખે છે, નજીકમાં હોય તો મળીને ક્ષમાપના માગે છે. વ્યવહાર તરીકે એ જૈનદર્શનનો વ્યવહાર બીજા અન્ય દર્શનના વ્યવહાર કરતા જુદો પડતો અને સુંદર વ્યવહાર છે, તો પણ અધ્યાત્મના પ્રકરણમાં તો તમામ શુભભાવને દોષમાં જ્યાં મૂકવામાં આવે છે ત્યાં ક્ષમા આદિના વિકલ્પને પણ દોષમાં ગણાવ્યો છે.

સ્વભાવ જયવંત વર્તો ! એમ ત્યાં વાત લીધી છે. વિભાવ જયવંત વર્તો નહિ પણ (સ્વભાવ જયવંત વર્તો !) જે સ્વભાવમાં ક્ષમા આદિ વિકલ્પના દોષોનો અભાવ છે એવો જે સ્વભાવ, જેને અહીંયાં ચૈતન્યરત્નાકર કહેવામાં આવે છે. સ્વભાવ કહો કે ચૈતન્યરત્નાકર કહો, એ જયવંત વર્તો, એ પ્રસિદ્ધ થાવ, એ પ્રગટ થાવ, એ વિકાસ થઈને અવસ્થામાં એની પૂર્ણતા થાવ અને એ સદાય રહો એવી એની ભાવના છે.

**'એ તો ચૈતન્યરત્નાકર છે. ચૈતન્યરત્નોથી ભરેલો આત્મા છે, વિકારની વૃત્તિ તેનાથી ભિન્ન છે.'** વિકારની જાત જુદી અને ચૈતન્ય ગુણોની જાત જુદી. સ્વભાવ અને વિભાવ પરસ્પર વિરુદ્ધ હોવાથી, તે શુભાશુભ પરિણામોને આત્માના સ્વભાવના તિરસ્કાર કરનારા કહેવામાં આવ્યા છે. 'સમયસાર'ની ૧૯મી ગાથા. ૧૭-૧૮ પછીની સીધી આ ગાથા છે. તે વિભાવો કેવા છે ? કે આત્મસ્વરૂપનો તિરસ્કાર કરનારા છે. એની સાથે મૈત્રી ન હોય. જે ભગવાન આત્માનો, ભગવાનનો તિરસ્કાર કરે, એની સાથે મૈત્રી ન હોય, એમ છે.

મુમુક્ષુ :– તત્ત્વ પ્રચારને આત્માની મૈત્રી ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :– કઠણ પડે એવું છે. એમ છે કે બીજા બીજા શુભભાવ કરે છે અને આપણે તત્ત્વ પ્રચારનો શુભભાવ કરીએ છીએ. માટે બીજાના શુભભાવને નિષેધવો અને આપણો સારો એમ કહેવું છે ? કોઈ તત્ત્વ પ્રચારનો શુભભાવ તો હજી નીચેની કોટીનો છે. પણ શુદ્ધાત્મનો વિકલ્પ છે એ તો ઊંચી કોટીનો છે. એનો પણ અહીંયાં નિષેધ કરે છે તો પહેલાની વાત રહેતી નથી. થાય છે તો તું એને નિષેધે છે કે નહિ એટલું જોઈ લે, બસ. તો એ કોઈપણ કાળે ટળશે. પણ થાય છે એટલે સારો છે અને કરવા જેવો છે એને ટળવાનો અવસર કોઈ નથી. કેમકે તારો અભિપ્રાય બીજો છે. રાગનો રાગ તે અનંતાનુબંધીનો રાગ છે. આમ છે. કેમકે પછી એનો રાગ... પછી એનો રાગ.. પછી એનો અનુરાગ. આ રાગ કરવા જેવો છે એ અભિપ્રાયમાં રાગનો અનુરાગ છે. એ રાગનો રાગ તે અનંતાનુબંધીનો રાગ છે. ગમે તે (રાગ) હોય નહિ.

ભઠ્ઠીનું દુઃખ શેમાં લીધું છે ? દેવાદિક પ્રત્યે કા ભાવ. દેવાદિક પ્રત્યેનો ભાવ (એમાં) ભઠ્ઠી જેવું દુઃખ લાગવું જોઈએ. 'સોગાનીજી'એ ભગવાનનું નામ લઈને વાત કરી છે. દેવાદિક પ્રત્યેનો ભાવ–તો દેવ પ્રત્યે તો સ્તુતિનો ભાવ આવે છે. વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા સમવસરણમાં સાક્ષાત્ બિરાજમાન હોય. પ્રતિમાજી નહિ, સાક્ષાત્ બિરાજમાન હોય. કેટલી ભક્તિ આવે ? આચાર્યોને ભક્તિ આવી છે. શ્રાવકોને તો શી વાત ? આચાર્યોએ ભક્તિ કરી છે. નિર્ગ્રંથ મુનિઓ તિલતુષમાત્ર પરિગ્રહ જેને નથી. વીતરાગતામાં ઝુલી રહ્યા છે. રાગને ટાળી રહ્યા છે અને એ તો વીતરાગભાવમાં ઝુલી રહ્યા છે. એમને પણ એટલો ભગવાનની સ્તુતિનો રાગ આવ્યો છે. પણ રાગ આવ્યો છે એટલે એને એ ઉપાદેય જાણે છે એ વાત ત્યાં નથી. એ તો ચોથે ગુણસ્થાને વાત ટાળી છે. છતાં પૂર્ણ વીતરાગતના અભાવને લઈને રાગના સદ્‌ભાવમાં એવો રાગ આવે તો એનો પણ એને નિષેધ આવે છે. આવે છે એમ લોકો જાણે છે પણ નિષેધ આવે છે એ લોકોને ખબર નથી. એ વાત

'ગુરુદેવે' ખોલી. આવે છે એમ જાણે છે, કે ગણધરદેવ પણ આ શ્રવણ કરવા જાય છે. દિવ્યધ્વનિનું શ્રવણ કરવા ગણધરદેવ જાય છે. દિવ્યધ્વનિ સાંભળવાનો એમને પણ રાગ થયો, ભાવ થયો. ભાવ થયો એટલે રાગ થયો. તો આપણને તો પછી શાસ્ત્રશ્રવણનો રાગ આવે જ ને ? એમ ન હોય. એમને આવે છે એનો નિષેધ આવે છે અને તને નિષેધ વગર આવે છે. મોટો ફેર–ઊલટોસૂલટો છે. તું એવી સરખામણી કર તો એ કામ આવે એવું નથી.

મુમુક્ષુ :– સેવક થઈને રહેજે એવો આદેશ આપવામાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કાંઈક છું એવું અભિમાન ન કર તો એમ કહેવા માટે છે. શું કહ્યું ? તારું જે મનુષ્યપર્યાયમાં માનનું જે સેવન છે એ ગળી જવું જોઈએ એમ કહે છે. માન તો ગળી જવું જોઈશે. ત્યાર પછી આગળની વાત છે. પછી આગળ હજી ઘણી વાત બાકી છે, એમ કહે છે. એમાં આ બધી વાત બાકી છે, કે વિકલ્પમાત્રનો, અમારા પ્રત્યેનો તો નહિ પણ વિકલ્પમાત્રનો, તારા શુદ્ધ સ્વરૂપના વિકલ્પમાત્રનો પણ તને નિષેધ આવશે ત્યારે તને શુદ્ધોપયોગ પ્રગટશે.

મુમુક્ષુ :– પહેલા સેવકપણાનો ભાવ હોવો જરૂરી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અનિવાર્ય છે, એ તો હોવો જ જોઈએ. એ ન હોય ત્યાં સુધી તો બીજી વાતની એકેય ઘડ બેસે એવી નથી. એને મહિમા તો હોય છે. દેવ-ગુરુ-શાસ્ત્ર, સાધક, જ્ઞાની પ્રત્યે મહિમા ન હોય એ પ્રશ્ન નથી. પણ મહિમા છે એટલે એનો રાગ લંબાવાની વાત છે એમ છે નહિ. એ મહિમા એટલા માટે છે કે એ રાગ છોડાવે છે એટલા માટે મહિમા છે. રાગ છોડાવે છે એટલા માટે મહિમા છે. મહિમાનું પણ પ્રયોજન છે. એમનેમ મહિમા કરવાની વાત નથી.

**'પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને સૌ પ્રથમ જાણનાર સચ્ચિદાનંદપ્રભુને જાણવો.'** મોક્ષાર્થી પુરુષે સૌપ્રથમ શું કરવું? એમ. પહેલા આમ અને પહેલા આમ નહિ. સૌ પ્રથમ શું કરવું ? મોક્ષાર્થી તો રાખ્યો. મોક્ષાર્થી થયો એણે સૌપ્રથમ શું કરવું ? કે એણે પુણ્ય-પાપના વિકારથી ભિન્ન થઈને સૌથી પહેલા સત્ નામ શાશ્વત રહેનાર, શાશ્વત હયાતી ધરાવનાર ચૈતન્ય આનંદપ્રભુ આત્મા છે, એ ચૈતન્યગુણથી, અનંત ચૈતન્યચિહ્ન જેનું છે, અનંત આનંદ છે, એવા સત્ત્વને, તત્ત્વને પહેલા અંતરંગમાં જાણવો. એને જાણતા શુદ્ધશ્રદ્ધાનનો, સમ્યક્ શ્રદ્ધાનનો ઉદય થશે. એને જાણ્યા વિના સીધું શ્રદ્ધાન થશે એવું કદિ બનશે નહિ. એમ કહેવું છે. ભલે તે કાળમાં થાય તો પણ.

**મોક્ષાર્થી પુરુષ એટલે?–કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી. પરમ આનંદના લાભનો અર્થી પુરુષ કે જે જગતની આબરૂ, કીર્તિ, પૈસા કે સ્વર્ગનો અર્થી નથી તે મોક્ષાર્થી છે. જે એકમાત્ર પૂર્ણાનંદની પ્રાપ્તિ અને રાગદ્વેષના દુઃખના વ્યયનો અર્થી છે તે મોક્ષાર્થી છે. ૩૪૭.**

હવે બીજા બોલમાં એ વાત લીધી છે, કે **'મોક્ષાર્થી પુરુષ એટલે?–'** આમ કહીને બીજા બોલમાં વાત ઉપાડી. કે **'મોક્ષાર્થી પુરુષ એટલે ?–કે અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી.'** પૂર્ણ લેવું છે ને ? જેને પૂરું સુખ જોઈએ છે, પરિપૂર્ણ આત્મિક સુખ જોઈએ છે અને સદાયને માટે જોઈએ છે. પાછું એમ નહિ કે ચાલો એક ભવમાં મળી ગયું અને પછી બીજા ભવમાં ફરીને અવતાર ધારણ કર્યો એ વાત છે નહિ. સદાયને માટે 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં. અનંત દર્શન, અનંત જ્ઞાન સહિત'.

એવા **'અનંત અનંત સુખની પ્રાપ્તિ અને અનંત દુઃખના વ્યયનો અર્થી.'** દુઃખનો એક કણ પણ ન જોઈએ.

એવું જેનું અર્થ નામ પ્રયોજન છે. અર્થી એટલે પ્રયોજન. પ્રાપ્તિનું પ્રયોજન એને અર્થી કહેવામાં આવે છે. ધનની પ્રાપ્તિના પ્રયોજનને આ ગાથામાં ધનાર્થીનો દૃષ્ટાંત લીધો છે. લૌકિકમાં વિદ્યાર્થી શબ્દ તો પ્રચલિત છે. વિદ્યા પ્રાપ્તિનું પ્રયોજન (જેને છે) તેને વિદ્યાર્થી કહેવામાં આવે છે. એમ અહીંયાં મોક્ષની પ્રાપ્તિનો અર્થી એને મોક્ષાર્થી કહેવામાં આવે છે. જુઓ ! સમ્યગ્દર્શનનો અર્થી એમ નથી લીધું. એક એક બોલની અંદર અનુભવ છે કે પહેલેથી, હજી સમ્યગ્દર્શન તો પછી પ્રાપ્ત કરશે, આત્માને જાણશે અને સમ્યક્ શ્રદ્ધાન ઉદય થશે ત્યારે એને સમ્યગ્દર્શન થશે, પણ એ પહેલા મોક્ષાર્થીને આ પ્રકાર છે. બીજાને આ પ્રકાર નથી એમ કહેવા માગે છે.

મુમુક્ષુ :– મિથ્યાદૃષ્ટિ મોક્ષાર્થી...

પૂજ્ય ભાઈશ્રી :– હા. મિથ્યાદૃષ્ટિ મોક્ષાર્થી લીધો છે. કોઈપણ પરિભ્રમણ કરતા જીવને જ્યારે એમ એક નિશ્ચય થાય, એક એવું એ ધ્યેય બાંધે, કે મારે પરિપૂર્ણ નિર્દોષ થવું છે, દોષનો એક કણ મારે ન જોઈએ. સંપૂર્ણ શુદ્ધિ જોઈએ અને એના જ માટે મારે જે કાંઈ કરવું છે તે એના જ માટે કરવું છે અને બીજા કોઈ પ્રયોજનથી કાંઈ કરવું નથી, એવું જેણે અંતરંગમાં દઢ નિશ્ચયથી ધ્યેય બાંધ્યું છે. અને ધ્યેય બાંધ્યું છે એમ નહિ, એ ધ્યેયને જ ત્યારપછી અનુસરવાના એના પરિણામ લાગેલા રહે છે. ત્યારે એને મોક્ષાર્થી કહેવામાં આવે છે. આ મોક્ષાર્થીની સ્થિતિ છે. આવો મોક્ષાર્થી ન થાય એ પહેલા એ આત્માને જાણવાને પ્રવર્તે એમ વાત નથી લીધી.

સૌપ્રથમ આત્માને જાણવો. પણ કોણે ? કે મોક્ષાર્થીએ. આ વાત નાખી છે. મોક્ષાર્થી પુરુષે આત્માને જાણવો. તું મોક્ષાર્થી નહિ હો અને કોઈ બીજો અનાદિનો અર્થી છો, પછી માનાર્થી હો, સંસાર અર્થી હો, ધનાર્થી હો, લૌકિક–ભૌતિક સુખનો અર્થી હો, તો તને સૌ પ્રથમ આત્માને જાણવાનો ઉપદેશ અમે દેતા નથી. તને અમે કહેતા નથી કે તું સૌ પ્રથમ આત્માને જાણજે. આમ વાત છે. આટલી Condition તો નાખી છે. આ શરત છે.

શરૂઆત જે છે, મોક્ષમાર્ગથી મોક્ષની (શરૂઆત) થાય છે, તો પણ એ મોક્ષમાર્ગની શરૂઆત પહેલાની જે એક શરૂઆત છે એ મોક્ષાર્થીપણામાં થાય છે. એનું એક સૂત્ર બાંધ્યું છે, કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' ત્યાં સુધી કોઈ શરૂઆત છે નહિ. એટલે આ ધર્મના ક્ષેત્રમાં કોઈપણ દાખલ થયેલાએ પહેલા આ વિચાર કરી લેવા જેવો છે, કે આ આત્મા મોક્ષાર્થીપણે આમાં છે કે નહિ ? પછી બીજી સમ્યગ્દર્શનની, આત્માને જાણવાની વાત છે. નહિતર બીજા લોચા ઊભા થયા વિના રહેશે નહિ. જાણશે તો જાણવાનું અભિમાન થઈ જશે, ક્ષયોપશમ વધશે તો એનું થઈ જશે, ભાષા વધશે તો એનું થઈ જશે, ત્યાગ કાંઈક કરશે તો એનું થઈ જશે.

મનુષ્યપર્યાયમાં તો મોટી તકલીફ આ છે કે આ પર્યાયમાં સૌથી પ્રથમ જીવને માન મારે છે. આ મોટી તકલીફ છે. દેવ, નારકી, તિર્યંચમાં બીજી પ્રકૃતિઓનું પરિણમનમાં વણાવું છે. અહીંયાં માનપ્રકૃતિ વણાઈ ગઈ છે. એટલે ક્યાંય પણ પર્યાયબુદ્ધિમાં, એક તો પર્યાયબુદ્ધિ અનાદિનો છે, એમાં કાંઈપણ વિશેષતા થાય એટલે એવો હું થયો, એ વાળો હું થયો એમ આવ્યા વિના રહે નહિ. એટલે એને એમ કહે છે. પૂર્ણતા એટલા માટે લીધી, કે પછી જે કાંઈ થાય છે એ તો અનંતમે ભાગે છે. સમ્યગ્દર્શન થયું તો અનંતમે ભાગે, બારમા ગુણસ્થાનની સ્થિતિનું જ્ઞાન અનંતમે ભાગે, ચાર જ્ઞાન થયા તો અનંતમે ભાગે. અનંત ચતુષ્ટય પ્રગટ્યા પહેલા ગુણનો વિકાસ જ અનંતમે ભાગે લીધો છે. એટલો બધો તો બારમા અને તેરમાં વચ્ચે આંતરો છો, એને ઘણું બાકી છે એમ લાગ્યા વિના રહે નહિ. એટલે એને ક્યાંય 'હું કાંઈક છું' એ વાત આવે નહિ. એ વાત પહેલેથી ખલાસ કરે છે. બહુ અનુભવપૂર્ણ વિષય છે ને.

આ તો જે જીવો મોક્ષમાર્ગમાં આરૂઢ થયા એમણે તો વાત કરી છે. આચાર્યો પણ આ વાત કરી ગયા છે. મોક્ષાર્થી પુરુષની વાત તો આચાર્ય કરી ગયા છે. 'કુંદકુંદસ્વામી' કરી ગયા છે. તો એમણે પોતાના અનુભવનો નિચોડ મૂક્યો છે, સૂત્ર બાંધ્યું છે. સૂત્રમાં

ઝાઝું લખવાની જગ્યા નથી. બે લીટીનું એક પદ કરે એટલે સૂત્ર થઈ ગયું. કો'ક વખત તો બે લીટીના એક ચરણમાં સૂત્ર હોય અને કોઈ વખત તો એક ચરણના બે-ચાર શબ્દમાં જ આખું સૂત્ર હોય છે. સૂત્ર તો એવી વસ્તુ છે. એની અંદર જે વાત આવે છે એ એના આખા અનુભવનો નિચોડ થઈને આવે છે. એટલે એ વાતને નાખી છે.

મુમુક્ષુ :– મોક્ષ પણ દ્રવ્યના અનંતમા ભાગે છે..

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એક સમયની પર્યાય છે. કેવળજ્ઞાનની એક પર્યાય છે, એનાથી સર્વજ્ઞશક્તિ કેવડી ? કે અનંત ગુણી. કેટલી? અનંત ગુણી. કેમ કે એવી તો અનંત પર્યાયો એ સર્વજ્ઞશક્તિમાંથી પ્રગટશે. આત્માની જે સર્વજ્ઞશક્તિ, એમાંથી સર્વજ્ઞપણારૂપ કેવળજ્ઞાનની પર્યાય અનંત પ્રગટે છે અને તોપણ એ શક્તિ એટલી ને એટલી જ રહે છે. અનંત કાળની અવસ્થાઓ એમાંથી વપરાય ગયા પછી, ગુણમાંથી પ્રવાહ આવ્યા પછી ગુણ એટલો ને એટલો જ છે. અને એવા તો અનંત ગુણનો ધણી છે. આત્મા છે તે એવા અનંત ગુણનો ધણી છે. એનું સામર્થ્ય એવું છે કે ઉપલી સપાટીને Touch કર્યો ત્યાં કેવળજ્ઞાન ફાટ્યું છે. અંદર તો પ્રવેશ કરે તો એના સામર્થ્યનો કોઈ કથનની અંદર કાંઈ આવે એવો પ્રકાર નથી. એટલે ત્રિરાશીને મુકાવી દીધી–કારણશુદ્ધ પર્યાયથી.

'પદ્મપ્રભમલધારીદેવ' મુનિરાજે 'નિયમસાર'ની ૧૫મી ગાથામાં ત્રિરાશી મુકાવી કે કારણપરમાત્મા અને કાર્યપરમાત્મા એમાં એક કારણશુદ્ધપર્યાય છે કારણપરમાત્માને, જે દ્રવ્યનું વર્તમાન છે. એને જ્યાં આમ અવસ્થા સન્મુખ થાય છે, ત્યાં કેવળજ્ઞાન અવસ્થામાં ફાટે છે. વસ્તુનું સામર્થ્ય કેટલું !? જે ધનુષને બીજા રાજાઓ અડી શક્યા નહિ અને 'રામચંદ્રજી'એ તોડી નાખ્યું તો 'રામચંદ્રજી'નું સામર્થ્ય કેટલું ? આ સીતા સ્વયંવરમાં. કેટલાક તો ઊડી ઊડીને આઘે પડતા. ગજુ હોય નહિ કે કાંઈક વિચાર આવ્યો કે લાવોને આપણે Try તો કરીએ. આઘેથી ઊડી ઊડીને પાછા પડવા માંડ્યા. ઓલો કરંટ લાગે એમ. તો જેણે ઉપાડતાવેંત ત્રણ કટકા કર્યા એનું સામર્થ્ય કેટલું ? એ ત્રિરાશી મુકાવે છે. કેમકે એ વિદ્યાથી સાધિત હોય છે. આયુધો છે એ વિદ્યાથી સાધિત હતા.

અહીંયાં કહે છે, કે જેની વર્તમાનની ખાલી સન્મુખ થતાં, પર્યાય દ્રવ્યમાં અભેદ તો થઈ શકતી નથી, વર્તમાનની સન્મુખ થતાં કેવળજ્ઞાન ફાટે એટલી શક્તિ સન્મુખ થનારને પ્રગટ થઈ જાય. વસ્તુ કેવડી ? કે એની કોઈ વાત થાય એવું નથી. એવી વસ્તુ છે. એમ ત્યાં વસ્તુની ઓળખાણ કરાવવી છે. અહીં સુધી રાખીએ.

**ભાવનાનો વિષય કહેતાં અનંતા તીર્થંકરોની સાક્ષી લીધી છે. અનંતા તીર્થંકરોએ આ જ વાત કહી છે, એમ પોતાના સ્વાનુભવથી આ વાત કહેલી છે. એ સમજાય એવું છે કે, બહુ ઊગતી ઉંમરમાં, સામાન્ય રીતે તો છેલ્લા-છેલ્લા ૨૦૦-૪૦૦ વર્ષમાં થયેલા જેટલા જ્ઞાનીઓ પ્રસિદ્ધ છે એમાં આટલી નાની ઉંમરમાં આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી હોય, સમ્યગ્દર્શન – સ્વાનુભવની પ્રાપ્તિ કરી હોય એવો આ એક Recordનો વિષય ગણવો જોઈએ. જો અઢાર વર્ષે આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય, સ્વાનુભવની પ્રાપ્તિ થઈ હોય અને તે પણ સ્ત્રીપર્યાયમાં ! એ વળી પાછો બીજો વિષય છે.**

**(અધ્યાત્મ સુધા ભાગ–૧, પૃષ્ઠ–૨૮૯)**

## ધન્ય અવતાર !
## પૂજ્ય બહેનશ્રી ચંપાબેન પ્રત્યે પરમપૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ઉદ્‌ગારો

તા.૧૯-૯-૮૦

આહાહાહા! બેનની લાયકાત!....એ (બેનની આ વાણી) તો કોતરવાની છે પથ્થરમાં. અઢી લાખ રૂપિયા તે દી (શ્રાવણ વદ બીજે) થઈ ગયા. (વચનામૃતનું) મકાન બનાવવામાં આવશે. ૪૦.

❈

રાજકોટ, ઈ.સ.૧૯૮૦

આ બેનનાં વચનો છે. અંતર આનંદના અનુભવમાંથી આવેલી વાત છે. ઘણું જોર અંદરનું, અપ્રતિહત ભાવના. આત્માનું સમ્યગ્દર્શન અને અતીન્દ્રિય આનંદની અનુભૂતિ–એમાંથી આ વાત આવી છે. આનંદના સ્વાદમાં મડદાની જેમ હાલે. આહાહા! સચ્ચિદાનંદ પ્રભુ છે બેન! અંતરની મહત્તા આડે બહારનું કાંઈ લક્ષ જ નથી. અનુભવી, સમકિતી, આત્મજ્ઞાની છે. આત્માનો અનુભવ તો છે પણ સાથે અસંખ્ય અબજ વર્ષોનું જાતિસ્મરણજ્ઞાન છે. પણ લોકોને બેસવું કઠણ પડે. ૪૧.

❈

બેન (ચંપાબેન) તો જૈનનાં મીરાંબાઈ છે. ભાન સહિતની ભક્તિ છે, આંધળી દોડ નથી. ૪૨.

❈

બેનને તો એક આનંદ આનંદ આનંદ! ને આખો દી સહજ નિવૃત્તિ; બસ, બાકી કાંઈ કરતાં કાંઈ નહિ. કોઈ વંદન કરે કે નહિ એની સામે પણ જુએ નહિ. કોઈ સાથે લવથવ નહિ. ૪૩.

❈

તા.૨૯-૧-૭૮

જેને આનંદમાં જમવટ જામી છે, જેને અતીન્દ્રિય આનંદના કોળિયા લેવાય છે અને જે અતીન્દ્રિય આનંદને ગટક ગટક પીએ છે એવા ધર્મીનું (–સાધકનું) આ સ્વરૂપ બેનના મુખેથી (વચનામૃતમાં) આવ્યું છે. તદ્દન સાદી ભાષા. પ્રભુના સમોસરણમાં આમ વાત ચાલતી, ભાઈ! ...અરે! આ વાત બેસે તે તો ન્યાલ થઈ જાય તેવું છે. જિનેશ્વરદેવનું જે ફરમાન છે તે આ બેન કહી રહ્યાં છે. ૪૪.

❈

તા.૨૯-૧-૭૮

વચનામૃતના એક એક ફકરામાં, એક એક શબ્દમાં નિધાન ભર્યાં છે. જેને તળિયાં પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિદ્ધાન્તનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું. ૪૫.

❈

શ્રાવણ વદ ૨

ચંપાબેન ખરેખર અજોડ રતન છે; તે તો અંદરથી સાવ ઉદાસ છે; તેમને બહારનું આ બધું કાંઈ ગમતું નથી; પણ લોકોને તો ભક્તિ-પ્રેમથી બહુમાન કરવાના ભાવ આવે ને! ૪૬.

❈

## દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ પત્રાંક-૨૪, ૨૫ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનું પ્રવચન તા. ૩-૦૮-૧૯૯૧

**'જડ સે જડ કે સંબોધનોં મેં ચેતન કો કોઈ લાભ નહીં.'** એટલે પ્રયોજન નથી. અને **'વર્તમાન પર્યાય મેં પૂર્વ-ઉત્તર કાલકી પર્યાય કા જ્ઞાન વિદ્યમાન હૈ...'** એટલે પોતાને પોતાની પૂર્ણદશાનું જ્ઞાન વિદ્યમાન છે પછી આ શાસ્ત્રની વાત યાદ રાખું, આ ન્યાય યાદ રાખવો, એ કોઈ વાત (રહેતી નથી). જ્યારે મોક્ષપદ છે એ પોતાને લક્ષમાં છે કે મારો મોક્ષ તો નજીક છે તો પછી સ્મરણ, મનન કરીને હું આગળ વધું એવી વાત ક્યાં રહે છે ? પુરુષાર્થથી આગળ વધી જ રહ્યા છે અને પુરુષાર્થનું પરિણમન પણ પૂર્ણ (પદ દેખાય છે), એનું ફળ – પુરુષાર્થનું ફળ પણ નજર સામે દેખાય છે.

મુમુક્ષુ :– કૃત્રિમ પ્રયાસ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં, કૃત્રિમ પ્રયાસ નથી અને યાદ રાખવાનું એટલા માટે નથી કે યાદ રાખીને શું કામ છે ? પ્રયોજન શું યાદ રાખવાનું ? ચર્ચામાં એક પ્રશ્ન પૂછ્યો કે યાદ રાખીને તારે કોઈને કહેવું છે કે આ વાત આ જગ્યાએ લખી છે ? એટલે કે મને એનું જ્ઞાન છે એમ તારે બતાવવું છે ને તારું ? તારું જ્ઞાન બતાવવું છે યાદ રાખીને ? આ એક જીવને પોતાને નુકસાન કરનારી સ્વાભાવિક વૃત્તિ હોય છે. યાદ રાખનારા એ રીતે યાદ રાખવામાં ધ્યાન રાખતા હોય છે કે આ વાત આપણે બીજાને કહેવા થાશે. તો (કહે છે), એમાં પ્રયોજનનો ઘાત છે. નુકસાન શું છે ? પ્રયોજનનો ઘાત છે. એટલે એ દૃષ્ટિએ વાત ચાલે છે. સહેજે યાદ રહી જાય બીજી વાત છે, અને યાદ રાખવાનું લક્ષ રાખવું તે બીજી વાત છે.

મુમુક્ષુ :– બહારમાં વાંચન-વિચારમાં પ્રવૃત્તિ રહી એનો વાંધો નથી લીધો, લક્ષ બીજું થઈ ગયું એનો વાંધો છે.

પૂજ્ય ભાઈશ્રી :– આમાં શું છે (કે) સ્વરૂપ લક્ષ કરાવવા માટે સ્વાધ્યાય છે. પૂર્ણતાને લક્ષે જો સ્વાધ્યાયની



પ્રક્રિયા શરૂ કરી હોય તો સ્વરૂપ લક્ષ કરાવવા માટે સ્વાધ્યાય છે અથવા ભાવભાસન માટે સ્વાધ્યાય છે. ભાવભાસન માટે સ્વાધ્યાય છે, પણ પૂર્ણતાના લક્ષે સ્વાધ્યાય કરતા હોય તો. પૂર્ણતાના લક્ષમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જે થાય છે ત્યારે તે લક્ષની અંદર પોતાના પૂર્ણપદનો જે નિશ્ચય કરવો ઇ એના ગર્ભમાં એ વાત રહેલી છે.

આ વિષય થોડો ગૂઢ છે કે, જેને પૂર્ણતાનું લક્ષ છે એને તો પૂર્ણ શુદ્ધ પર્યાય (પ્રગટ કરવી છે) અને જે સ્વરૂપ છે એ તો એને નિર્ણય કરવો બાકી છે. પણ જેણે આવું ધ્યેય બાંધ્યું, આવું લક્ષ જેને બંધાઈ ગયું એ સ્વરૂપ નિર્ણયમાં આવ્યા વિના નહીં રહે. એટલે એના ગર્ભમાં એ વાત પડી છે. સ્વરૂપ નિર્ણય એના ગર્ભમાં પડેલો છે. યથાર્થ લક્ષના ગર્ભમાં સ્વરૂપ નિર્ણય પડેલો છે.

તત્ત્વચર્ચામાં (એક) વચન આવે છે. નંબર યાદ નથી પણ બહુ સારું વચન આવે છે. પૂર્ણ શુદ્ધિના ધ્યેયમાં નિર્ણય પડ્યો છે એવો કોઈ વિષય, એવું વચન આવે છે. બહુ સારું વચન છે. અથવા શુદ્ધ સ્વરૂપની અંતરખોજ એવા જ જીવને થાય છે કે જે ખોજના પરિણામે એને સ્વરૂપ નિશ્ચય થાય એમ કહેવું છે. નહીંતર એટલું ખ્યાલમાં આવે કે, ભાઈ ! અંદર શોધ કરવી જોઈએ. 'વર્તે અંતર શોધ' પણ અંતર શોધ યથાર્થ થાય કે જે શોધને કારણે પોતાનું શુદ્ધ સ્વરૂપ શોધી શકે, શોધાઈ જાય. એવી યથાર્થ (શોધ) ક્યારે ચાલે ? કે પૂર્ણતાનું લક્ષ હોય તો. નહીંતર ન ચાલે. નહીંતર એ શોધમાં બીજે ચડી જાય કંઈ ખબર ન પડે ક્યાં ચડી ગયો ઇ. એને પોતાને જ ખ્યાલ ન રહે. એવું છે.

એટલે પોતે તો પુરુષાર્થથી આરાધનામાં લાગેલા

છે. એ પુરુષાર્થની એટલી પ્રધાનતા છે કે એમાં સ્મરણ કરવું ને યાદ રાખવું (એવું બનતું નથી).

મુમુક્ષુ :– સહેજે ....

પૂજ્ય ભાઈશ્રી :– બોજો લાગે છે. ઊલટાનો બોજો લાગે છે. ઇ બોજાવાળું કામ કોણ કરે ? જે પુરુષાર્થથી બોજો હળવો થાય ઇ કરે કે બોજો વધે એવું કામ કરે ? બોજો હળવા (થાય એવું) કામ કરે.

**'શુભયોગ મેં ભી થકાન અનુભવ કરનેવાલે જીવ કે લૌકિકયોગ કી તીવ્ર દુઃખદશા પર ... હે કરુણા સિંધુ ! કરુણ કરો... કરુણા કરો, યહ હી વિનતી.'** એમ. આ એક વાક્ય વિધિની વિચિત્રતા ઉપર નીકળેલું છે. જે ધર્માત્માઓ શુભ પરિણામમાં પણ થાક અનુભવે છે, એવો જેનો અનુભવ છે કે જેને શુભવિકલ્પમાં પણ થાક લાગે છે, એમાં દુઃખ લાગે છે ને એવા જીવને લૌકિક એવો બોજો કોઈ આવી પડે કે એને કુટુંબનો ભાર ઉપાડવો પડે, આખા કુટુંબનો ભરણપોષણનો બોજો આવી પડે (તો) એને કેટલું તીવ્ર દુઃખ થાય. એ અશુભ પરિણામ છે, કેટલું તીવ્ર દુઃખ થાય. નિર્ધનતાનું દુઃખ નથી પણ એને જે પરિણામ કરવા પડે છે એમાં એને દુઃખ ઘણું લાગે છે. તીવ્ર દુઃખદશા છે. એ ભગવાનને વિનંતી કરે છે કે હે કરુણાના સિંધુ ! તમે કાંઈક કરુણા કરો, કરુણા કરો !

અહીં આપણે 'શ્રીમદ્‌જી'નું વાંચન ચાલે છે ને ! એમના બધા પત્રોમાં પણ એ વાત આવે છે કે, અરે..રે...! આ વેપાર-ધંધામાં રોકાવું પડે છે. એ જ ધર્માત્મા જો નિવૃત્ત હોય, 'શ્રીમદ્ રાજચંદ્રજી' જેવા ધર્માત્મા નિવૃત્ત હોય, એમનો ભાવ, એમની નિર્મળતા, એમનું જે અંતર-બાહ્ય જીવન (છે), એ એવું સુયોગ્ય પ્રકારે બધો મેળ હતો કે અનેક જીવોને સન્માર્ગમાં આવવાનું કારણ થાય, સન્માર્ગના લાભનું કારણ થાય. એક ત્રાજવાના પલ્લામાં અનેક જીવોને સન્માર્ગમાં આવવાનો લાભ મૂકીએ અને એક ત્રાજવાના પલ્લામાં વેપારથી થતી એમની કમાણી મૂકીએ કે એમના કુટુંબ-પરિવારના ભરણપોષણ મૂકીએ. કેવી રીતે તોળવું ? ત્યારે જો આ જગતનો કોઈ રચનારો ઈશ્વર હોત તો એને ઠપકો આપત બરાબર કે, તમને તોળતા આવડે છે કે નથી તોળતા આવડતું ? આવું તોળો છો તમે ? આવા મહાપુરુષ અનેકનું કલ્યાણ કરી જાય એને તમે વેપારમાં સલવાડી દીધા ? ઝવેરી બજારની દુકાનમાં બેસાડી દીધા ?

'ગુરુદેવ' પહેલેથી નિવૃત્તિમાં રહ્યા. દીક્ષા લઈ લીધી, દુકાને તો એ પણ બેઠા હતા. તેર વર્ષની ઉંમરે બેઠા હતા. તે દિ' તો શું હતું (કે), છોકરો ચાર ચોપડી ભણી લ્યે એટલે જો ધંધો હોય તો ધંધે લાગે અને ધંધો ન હોય તો નોકરીએ લાગે. આ ગરીબ દેશ એટલે મોટાભાગના માણસો નોકરીએ લાગે. કોઈને ધંધો નાનો-મોટો હોય તો નાનો-મોટો ધંધો કરી લ્યે. જે હોય એ. મોટાભાઈએ 'પાલેજ'માં ધંધો શરૂ કરી દીધો હતો એટલે એ પણ દુકાને બેસી ગયા. પણ એમણે તો બે-ત્રણ વર્ષમાં જ નિવૃત્તિનો નિર્ણય લઈ લીધો. ઇ દિવસોમાં તો સોળ વર્ષે છોકરાનું સગપણ કરી નાખે, લગ્ન કરી નાખે. એટલે એમણે તો ઇ પહેલા જ કોઈ મહારાજ પાસે બાધા લઈ લીધી. પછી જ્યારે ઘરમાં વાત શરૂ થઈ કે, આમની ઉંમર થઈ છે, આપણે કાંઈક ગોતીએ. પોતે જાહેર કરી દીધું કે, તમને પૂછ્યા વગર ખાનગીમાં મેં મારું (બ્રહ્મચર્યની પ્રતિજ્ઞાનું) કામ પૂરું કરી લીધું છે. તમારે કોઈએ તસ્દી લેવાની જરૂર નથી, તમે મારી કાંઈ ઉપાધિ કરશો નહિ. મારે તો કોઈ સારા ગુરુ મળે તો દીક્ષા લઈ લેવી છે, મારે કાંઈ આ ગૃહસ્થીમાં પડવું નથી.

પછી દુકાન ઉપર પણ સ્વાધ્યાય વિશેષ કરતા, ધંધામાં ધ્યાન ઓછું દેતા, પછી ગામમાં કોઈ અપાસરામાં મહારાજ આવ્યા હોય કે 'ભરૂચ'ના અપાસરામાં (આવ્યા હોય), 'ભરૂચ' અને 'પાલેજ' (વચ્ચે) પચીશ માઈલનું અંતર છે, આ સાંભળે કે 'ભરૂચ'ના અપાસરામાં કો'ક મહારાજ આવ્યા છે તો ત્યાં ચાલ્યા જાય. એમ દુકાનની હાજરી ઓછી થઈ, દુકાનમાં પણ લક્ષ ઓછું થયું. એમ કરીને સરવાળે દીક્ષા લેવાઈ ગઈ. તો પહેલેથી જ નિવૃત્ત રહી ગયા. અંદરથી તો તેજસ્વી ઘણા હતા. દીક્ષા લીધી પણ કાંઈ તત્ત્વ તો મળ્યું નહોતું. સત્યની શોધમાં હતા, ખોજમાં હતા. મૂળ શું છે કે, નિર્ણય હતો કે મારે તો નિર્દોષ થઈ જવું છે. કોઈ એક કલંક, કષાય-કલંકનો

એક કણિયો મારે ન જોઈએ. ઇ તો આવ્યું હોય તો જ થાય. એટલે સત્યની શોધમાં લાગ્યા. એટલે સ્થાનકવાસીના તેત્રીસે-તેત્રીસ (આગમ) વાંચી લીધા. બત્રીસ.. બત્રીસ, પિસ્તાલીસ છે ને ? બત્રીસે-બત્રીસ વાંચી લીધા. બત્રીસ વાંચવામાં એક ખ્યાલ આવી ગયો કે, પ્રતિમાનો નિષેધ કર્યો છે પણ શાસ્ત્ર ના પાડે છે. શાસ્ત્રમાં છે. પોતે તો ચોવીસ વર્ષની ઉંમરે દીક્ષા લીધેલી, જુવાન માણસ. ૧૯૪૬માં જન્મ થયો, ૧૯૭૦માં દીક્ષા લીધી. બરાબર યુવાન ઉંમર છે.

'પુરુષોત્તમલાલજી' કરીને એક (સાધુ હતા). 'હીરાજીમહારાજ' પાસે દીક્ષા લીધી હતી. પણ જ્યારે એમણે શાસ્ત્રો વાંચ્યા, પછી એક જાણકાર ને અભ્યાસી ને જરા જૂના દીક્ષામાં પણ મોટી દીક્ષા (હતી), જેને ઘણા વર્ષ થઈ ગયા હોય એવા એક 'પુરુષોત્તમલાલજી' મહારાજ હતા એની પાસે ગયા હતા. મહારાજ ! આપણા બત્રીસ આગમમાં પણ જિનપ્રતિમાની સ્થાપનાની વાત છે. પહેલા તો એમણે પણ મરડ્યું, કહ્યું કે, ના ! ના ! એ તો યક્ષની પ્રતિમાની વાત છે. તો (આમણે) કહ્યું, ના ! ના ! હું તમને શાસ્ત્રમાંથી કાઢી દઉં. તમારે કબૂલ કરવું પડશે કે, જિનપ્રતિમાની વાત છે, યક્ષની પ્રતિમાની વાત નથી. એટલે એમને ખ્યાલ હતો, 'પુરુષોત્તમલાલજી'ને ખબર હતી કે, આ વાત જિનપ્રતિમાની છે પણ સંપ્રદાયબુદ્ધિએ સંપ્રદાય પ્રમાણે વાત કરવી પડે. એટલે જો આ કાચા હોત તો કહેત કે, આપણા ગુરુએ કીધું. આ તો મોટા આચાર્ય છે, માની લ્યો. પણ જ્યારે દલીલ કરી ત્યારે આમને ખ્યાલ આવી ગયો કે, આની પાસે જૂઠું નહિ ચાલે. આ એવી વ્યક્તિ છે કે આની પાસે જૂઠું નહિ ચાલે. આણે ધ્યાનથી વાંચ્યું છે અને મને સાબિત કરી દેશે. અને પછી દલીલમાં ખોટા પડવું (એ બરાબર નહિ). પોતાને તો ખ્યાલ હતો એટલે કહે, જો ભાઈ 'કાનજી' ! તારી વાત સાચી છે. ઇ ('ગુરુદેવશ્રી') પોતે (કહેતા) કે, મને કેવી રીતે વાત કરી હતી કે, જો ભાઈ 'કાનજી' ! તારી વાત સાચી છે, પણ આપણા સંપ્રદાયમાં મૂર્તિનું નામ લેવાય નહિ. મૂર્તિનું નામ લઈએ તો મારે, કાઢી મૂકે અને કાલથી વ્હોરાવે નહિ, રોટલાના સાંસાં પડી જાય. આમને એમ થયું કે, આવા મોટા મહારાજ થઈને રોટલાને માટે આવો ધંધો કરે છે ! ભગવાનની પ્રતિમાને સંતાડે છે ! રોટલા માટે !! આપણે ઘરે ક્યાં રોટલાનો તૂટો હતો ? આપણે કાંઈ રોટલા માટે દીક્ષા થોડી લીધી છે ? પોતે એ વખતે એટલું બધું વિચારી લીધું કે, આ સ્થાનકવાસી સંપ્રદાયના ગમે તેટલા સાધુ હોય એમાં એકેય આત્માર્થી નથી. સાધુ તો નથી, સમ્યક્દૃષ્ટિ તો નથી પણ એકેય આત્માર્થી નથી. આટલું બધું વિચારી લીધું. ઇ શબ્દ બોલ્યા હતા. મારે તો પ્રત્યક્ષ આ બધી ચર્ચા થયેલી. ત્યારે એમ વિચાર આવ્યો કે, આમાં કોઈ આત્માર્થી નથી. સાધુનો તો પ્રશ્ન ક્યાં છે, આત્માર્થી કોઈ નથી. આત્માર્થી આવું ન કરે. જિનપ્રતિમાનો નિષેધ આત્માર્થી ન કરે, એમ કહેવું છે. આ લોકો નિષેધ કરે છે. આમાં રહેવાય નહિ. એ વખતે નામ બહુ મોટું હતું.

એક તો પોતાનું અસાધારણ વ્યક્તિત્વ – Personality ! એકદમ High personality હતી ! જુવાન ઉંમર. આપણે તો વૃદ્ધ અવસ્થામાં જોયા છે તોય આવા જોયા છે, તો યુવાનીમાં કેવા હશે ? અને કડક ક્રિયા પાળનારા, ચુસ્ત ક્રિયા પાળનારા. ઘણી કડક ક્રિયા પાળે. જેવું શાસ્ત્રમાં કીધું એ પ્રમાણે અક્ષરશઃ (પાળે). બીજી રીતે થાય નહિ. વ્હોરવા નીકળે તો બધા થથરે. કાંઈક ભૂલ થઈ જશે (તો) મહારાજ પાછા વળી જશે, આપણે ત્યાંથી વ્હોરશે નહિ. પધારો કહે તો પતી ગયું, પાછા વળી જાય. વ્હોરાવતા, વ્હોરાવતા આંગળી અડી જાય અથવા ગરમ દૂધ હોય કે ગરમ દાળ હોય ને બૈરાનો કપડાનો છેડો અડી જાય, બાઈના કપડાનો કોઈ છેડો અડી જાય (તો કહે) મૂકી દ્યો, રવાના. ચાલતા થઈ જાય. બહુ કડક હતા. ખ્યાતિ બહુ થઈ ગઈ. એમ કહેતા હતા કે, અમે તો સંપ્રદાયમાં ગળાબૂડ નહિ, અમે તો માથાબૂડ હતા, માથાબૂડ ! એમ કહેતા હતા, હોં ! મૂકી દીધું બધું. ન જોઈએ, આ સંપ્રદાય ન જોઈએ, આ સમાજ ન જોઈએ, છોડી દીધું.

હવે, આવા ધર્માત્માને પૈસા માટે, કુટુંબના ભરણપોષણ માટે સલવાવું પડે તો ભગવાનને ઠપકો

દેવો પડે ને ! કેટલાનું ભલું થતું અટકી ગયું. એ કોઈ નિયતીની વિચિત્રતા છે અને એ સ્વીકારવી જ રહી. કેમકે એ તો પોતે પોતાનું આત્મસાધન કરવા નીકળ્યા છે એટલે એ તો પોતાનું આત્મસાધન પ્રવૃત્તિમાં કે નિવૃત્તિમાં કરી છૂટે છે. એને કાંઈ કોઈ દરકાર છે નહિ. મૂળ તો એમાં એમ કહેવું છે (કે), આ નિયતીની વિચિત્રતા છે.

શુભયોગમાં જેને સહન થતું નથી એને અશુભયોગમાં રહેવું પડે આ તે નિયતીની વિચિત્રતા કેટલી ? અને એવી નિયતીની વિચિત્રતાનું જ્ઞાન કરનાર તીવ્ર પુરુષાર્થથી આગળ વધે છે. આ પુરુષાર્થની તીવ્રતા સૂચક વાત છે.

હવે તમારો પ્રશ્ન જોઈએ. પુરુષાર્થ વધારવો, પુરુષાર્થમાં તીખાશ લાવવી જોઈએ. પ્રતિકૂળ સંયોગો યોગ્યતાવાળા જીવને યોગ્યતા વધારવામાં નિમિત્ત થાય. આનું નામ યોગ્યતા છે. જો જ્ઞાનીને નિર્જરા વધારે થાય તો મુમુક્ષુને યોગ્યતા વધે. એવું કાર્ય થાય બીજું કાંઈ ન થાય. પરિણામ બગડી ન જાય, પ્રતિકૂળતા આવે એટલે કાંઈ પરિણામ બગડી ન જાય. પરિણામ ઊલટાના સુધરે. જોરથી તત્ત્વનું ગ્રહણ કરે. એને આલંબન તો તત્ત્વનું જ છે ને ! સંયોગનું આલંબન છોડવું છે. નિર્ણય એ કર્યો છે કે, સંયોગનું આલંબન છોડવું છે.

ખરેખર જ્ઞાનીની દશામાં તો શું છે કે, જે પરિવાર માટે એને રોકાવું પડે છે એ પરિવારનું એને જ્ઞાન છે કે આ કોઈ મારા નથી, આ કોઈ મારા નથી. આ કોઈ નિયતી જ એવી છે, કોઈ એવો યોગ છે એટલે આપણે એ મારા નથી, એવી આરાધનામાં નિર્જરા કરવાની છે. પરસ્પર વિરુદ્ધ છે ને ! પ્રવૃત્તિ મારાપણે કરવી પડે, મારા ગણીને કરવી પડે છે અને અંદરમાં મારા નથી. તો એ નિર્જરા વિશેષ કરે છે.

મુમુક્ષુ :– તોપણ સહન કરી લે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સહન કરી લ્યે, પણ સહન કરે છતાં પણ એની અંદર દુઃખભાવે સહન નથી કરતા. દુઃખભાવે સહન નથી કરતા, નિર્જરા કરે છે. એ એક વિશેષતા છે. અને યોગ્યતાવાળા જીવને એમ થવું જોઈએ કે; ત્યાં તો (જ્ઞાનીને) શું છે કે પરિણતિ છે, અનુભવ છે, અનુભવસિદ્ધ છે, અહીંયાં જે સમજણ છે એ સમજણનો પ્રયત્ન કરવાનો છે કે, હું શું સમજ્યો ? કે, સંયોગોથી ભિન્નતા છે અને જો ભિન્નતા મને સમજાતી હોય તો ઉદાસીનતા આવવી જોઈએ. એને બદલે અપેક્ષા કેમ થાય છે ? અપેક્ષા અને ઉદાસીનતા પ્રતિપક્ષમાં છે. વિરુદ્ધ સામેસામા ઊભા છે. તો અપેક્ષા મને કેમ આવે છે ? મને ઉદાસીનતા આવવી જોઈએ. હું ઉદાસીનતા કેળવું. ઉદાસીનતા કેળવવા માટે આ કુદરતે આવી પરિસ્થિતિ ઊભી કરી છે.

'સોભાગભાઈ'ને શું કીધું ? કે, કુટુંબ ઉપર તમારું મમત્વ છોડાવવા માટે ઈશ્વરે ચાહીને તમને પ્રતિકૂળતા મોકલી છે. જો પ્રતિકૂળતા ન મોકલી હોત તો તમે મમત્વ વધારી બેસત. માટે ઈશ્વરે ચાહીને તમને આ પ્રતિકૂળતા મોકલી છે. ઇ ઉપકાર માનો. જો મુમુક્ષુજીવને આ કાળમાં પ્રતિકૂળતા ન હોય તો એણે સમજવું કે કુદરતની કૃપા કાંઈક એની ઉપર ઓછી છે. કુદરતની કૃપા ઓછી છે, એમ સમજવું. આ તો કામ કરવાનો ખરો મોકો છે. એટલે કુદરતે કૃપા કરી છે એમ સમજવાનું. પરિણામ બગાડવાનો વિષય નથી.

એના માટે એક બહુ સરસ વચન 'શ્રીમદ્જી'એ લખ્યું કે, આ કાળમાં મુમુક્ષુજીવને પ્રતિકૂળતાનો ઉદય આવવો એ તરવા બરાબર છે. શું કીધું ? ઇ તરવા બરાબર છે. માટે પ્રતિકૂળતા આવો તો ભલે આવો, અત્યારથી જ પોતે તૈયાર હોવો જોઈએ કે મારે મૂંઝાવાનું નથી. મૂંઝાય તો મુમુક્ષુતાની ભૂમિકાનો ત્યાગ થઈ જાય. મુમુક્ષુતા છૂટી જાય. મૂંઝવણ ન જોઈએ. આ મૂંઝવણ ટાળવાના માર્ગે તો ચડ્યા છીએ, મૂંઝવણ શેની ? મૂંઝવણના હજારો પ્રકાર ભલે ગમે એ હો, અહીં તો Master key છે. કોઈ મૂંઝવણ ન થાય એવો ઉપાય છે.

મુમુક્ષુ :– જ્ઞાનીઓએ આવા વચનો દ્વારા ઘણી કરુણા કરી છે. એના વચનો સામે આવે છે છતાં જીવ એ વાતને ગૌણ કરી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ વાતને ગૌણ કરે છે તો જેને મુખ્ય કરે છે ત્યાં કેમ જાગૃતિ નથી ? મુખ્યતા કરવા માટે જાગૃતિ જોઈએ કે, મેં આ વાતને કેમ મુખ્યતા આપી છે ? જ્યાં મારી ભૂલ થાય છે, નુકસાન થાય

છે ત્યાં હું ચેતતો નથી. ચાલતા ચાલતા ખાડો આવે ત્યાં હું ચેતીને, તરીને ચાલતો નથી, આંખ્યું મીંચીને ચાલું છું અને પછી પગ મરડાઈ ત્યારે એમ કહું કે, લે, આ પગ મરડાઈ ગયો. ધ્યાન ન રાખે તો મરડાઈ નહિ ? ચાલતી વખતે જ ધ્યાન રાખવું જોઈએ. સીધી વાત છે.

બીજો એક સિદ્ધાંત લ્યે છે કે, **'પર્યાય હી પર્યાયકા કર્તા હૈ, ત્રિકાલી અંશ અથવા આખા દ્રવ્ય નહીં,...'** **'પર્યાય હી પર્યાયકા કર્તા હૈ, ત્રિકાલી અંશ અથવા આખા દ્રવ્ય નહીં,...'** જોયું ! કેટલું ચોખ્ખું કાઢ્યું છે ! નહીંતર પ્રમાણ અપેક્ષાએ તો દ્રવ્ય પર્યાયનો કર્તા છે. ત્રિકાળીની અપેક્ષાએ તો કાંઈ વિચાર કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. કેમકે એ તો એક સામાન્ય છે અને આ વિશેષ છે, એકબીજાને અડતા નથી. અથવા સામાન્ય ત્રણે કાળે સામાન્ય રહે છે, વિશેષ કદી સામાન્યરૂપે થતું નથી, સામાન્યને સ્પર્શતું નથી. પણ **'ત્રિકાલી અંશ અથવા આખા દ્રવ્ય નહીં,...'**

**'યહ 'કર્તા-કર્મ'કી ચરમ સીમા હૈ.'** એક સમયની પર્યાય સ્વતંત્ર છે – આ કર્તા-કર્મની છેલ્લી હદની વાત છે. ચરમ સીમા છે (એટલે) છેલ્લી હદની વાત છે. આના ઉપર 'ગુરુદેવશ્રી' ષટ્કારકો લ્યે છે. **'અતઃ પર્યાય મેં આખા એકાકાર હોના યોગ્ય નહીં.'**

પ્રશ્ન :– આખું દ્રવ્ય જે લખ્યું કે, આખું દ્રવ્ય નહિ. આખું દ્રવ્ય એટલે ?

સમાધાન :– એમાં મને એમ છે કે અથવા કરીને લીધું છે એટલે આખામાં અખંડ દ્રવ્ય લેવું હશે. અખંડ દ્રવ્ય એટલે ત્રિકાળી; અથવા અખંડ દ્રવ્ય નહિ, એમ લેવું હશે. પ્રમાણની અપેક્ષાએ તો દ્રવ્ય પરિણમવું લીધું છે. એમ બેસે છે. **'યહ 'કર્તા-કર્મ'કી ચરમ સીમા હૈ.'** કર્તા-કર્મની આ ચરમ સીમા છે. **'અતઃ પર્યાય મેં આખા એકાકાર હોના યોગ્ય નહીં.'** એટલે શું છે કે પ્રમાણનો પણ એકાંત લેવાનો નથી અને આનો પણ એકાંત લેવાનો નથી. કથંચિત્ સ્વતંત્ર છે, કથંચિત્ પર્યાય પદાર્થ આધીન છે, નિજ પદાર્થ આધીન છે. પરાધીન તો એકાંતે નથી. એમ લેવું. **'સબોંકો યથાયોગ્ય.'** એ કર્તા-કર્મનો સિદ્ધાંત એમણે કુદરતી લઈ લીધો. ત્યારે આ કોઈ ચર્ચા નહોતી. કુદરતી એમને જે વિચારમાં આવ્યું એટલે થોડું લખતા લખતા લખી નાખ્યું.

મુમુક્ષુ :– કર્તા-કર્મ અધિકાર વંચાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ વાત લીધી છે, કર્તા-કર્મ અધિકાર વંચાય છે અને એ દૃષ્ટિએ પણ એમણે લખ્યું લાગે છે. આગળમાં પહેલા પેરેગ્રાફમાં વાત આવી ને ? કર્તા-કર્મનો અલૌકિક અધિકાર પ્રવચનમાં વંચાય છે, એ દૃષ્ટિએ કર્તા-કર્મનો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરી દીધો છે. ત્યાં ઇ વાત નથી કરી, કર્તા-કર્મ અધિકારમાં ઇ વાત નથી. ત્યાં તો રાગનો કર્તા નથી (એ) એક જ વાત સ્થાપવી છે. દેહાદિનો તો કર્તા નથી પણ રાગનો પણ કર્તા નથી, એ કર્તા-કર્મનો વિષય છે. પણ એક સમયની પર્યાય, જ્ઞાનની પર્યાયનો કર્તા ત્રિકાળી અંશ નથી, એ વાત ત્યાં નથી.

મુમુક્ષુ :– આ તો બહુ ઊંડાણમાં લઈ ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ચરમ સીમા સુધી લઈ ગયા છે. કર્તા-કર્મની ચરમ સીમા સુધી લઈ ગયા છે. એટલે તો 'ચરમ સીમા' એ શબ્દ વાપર્યો છે. છેલ્લી હદની તો આ વાત છે. ઓલી વાત છે પણ એથી આગળ પણ છેલ્લી હદની આ વાત છે, એમ કહેવું છે.

નીચે 'ગુરુદેવ'ના વચનામૃત છે. **'આત્માનુભવ કે બિના સબ કુછ શૂન્ય હૈ.'** આત્માના અનુભવ વિના જેટલી કાંઈ વિશેષતાઓ હોય એ બધી મીંડાં મૂકવા જેવી છે. એનું મૂલ્ય કેટલું ગણવું ? શૂન્ય જેટલું સમજવું. ગમે તેટલી વિચક્ષણતા હોય, વિશેષતા હોય, ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, ક્ષયોપશમ (આદિ) બધું અનુભવ વગર શૂન્ય છે. અનુભવનો એકડો થયો પછી ઇ શૂન્યની કિંમત શરૂ થઈ. ત્યાં સુધી શૂન્યની કિંમત નથી.

**'રાગ હોનેપર ભી સાધક કે હૃદય મેં સિદ્ધ ભગવાન ટંકોત્કીર્ણ રહતે હૈં.'** ભલે રાગ હોય, રાગનો અંશ છે, આખો રાગ તો કાંઈ થાતો નથી. આંશિક રાગ સાધકની દશામાં ચારિત્રમોહ પૂરતો થાય છે. પણ એના શ્રદ્ધા-જ્ઞાનમાં, એના હૃદયમાં એટલે શ્રદ્ધા-જ્ઞાનમાં નિજ શુદ્ધ સિદ્ધ પરમાત્મા બિરાજમાન છે. ટંકોત્કીર્ણ બિરાજમાન (છે), ભૂંસાય નહિ એવી રીતે બિરાજે છે.

સમ્યક્દૃષ્ટિને રાગ છે ને ? એમ પૂછે. સમ્યક્દૃષ્ટિને રાગ છે ને. પણ સમ્યક્દૃષ્ટિને એના હૃદયમાં સિદ્ધ ભગવાન બિરાજે છે ઇ કેમ દેખાતા નથી ને તને રાગ દેખાય છે ? ત્યારે જ્ઞાની એમ જોવે છે, મુનિઓ એમ જોવે છે કે, અરે...! સમ્યક્દૃષ્ટિના હૃદયમાં તો સિદ્ધ ભગવાન બિરાજે છે, એના રાગ સામું ક્યાં જોવું મારે ?

એક માણસ એમ કહે કે, ભાઈ ! અત્યારે મારા પચીશ લાખ રૂપિયા દાનમાં લઈ લો. તમારે જે પ્રભાવના કરવી હોય એ કરો. હવે કો'ક જગ્યાએ એમ કહે કે, અહીંયાં જરા આટલો ખર્ચ ન કરતા, આ જગ્યાએ ઓછો ખર્ચ કરજો. તો એના સામું જોવાય ખરું ? જોવાય એના સામું ? ન જોવાય. તમે એમ કહેશો કે, અહીંયાં જરાક સમજીને ખર્ચ કરશું, વધારે નહિ કરીએ. બરાબર ? એને એમ કહેવાય કે, તમે લોભિયા છો, લોભિયા. એવી શું વાત કરો છો ? એમ કહેવાય એને ? ન કહેવાય.

એમ જેણે સિદ્ધ ભગવાન પોતાના મસ્તકે ધારણ કર્યા છે, સિદ્ધ ભગવાનને શ્રદ્ધા-જ્ઞાનના મસ્તકે ધારણ (કર્યા છે). ભગવાનને માથે ચડાવીએ છીએ ને ? શ્રદ્ધા-જ્ઞાનની પર્યાય છે, ઉત્કૃષ્ટ અંગ (છે). શ્રદ્ધા-જ્ઞાન નિર્મળ થયા, ઉત્કૃષ્ટ અંગ છે ને ! આ ઉત્કૃષ્ટ અંગ છે, ચરણ છે એ નિકૃષ્ટ અંગ છે. સિદ્ધ ભગવાનને જોવાય કે એક અંશમાં રાગ થાય છે એને જોવો ? કોને જોવો છે ? કેમ આવો રાગ થયો ? અરે...! પણ તું કોને જોવે છો ? જોવો છે એનો જોતો નથી અને નહિ જોવું છે એને જોવે છો.

**'કારણપરમાત્મા યહી વાસ્તવમેં આત્મા હૈ.'** જે કારણ પરમાત્મા છે તે જ વાસ્તવમાં આત્મા છે. કારણ પરમાત્મા તે જ વાસ્તવમાં આત્મા છે. **'ત્રિકાળી ધ્રુવ સામાન્ય હૈ એક વહી સર્વ કથનોંકા સાર હૈ.'** કારણ પરમાત્મા તે જ વાસ્તવમાં એટલે અંદરમાં શુદ્ધ સ્વરૂપ છે એ જ આત્મા છે. રાગ-દ્વેષ, મોહના પરિણામ એ કંઈ આત્મા નથી, આત્માનું સ્વરૂપ નથી, એની સાથે એને મેળ પણ છે નહિ. માટે એ જ આત્મા છે. **'ત્રિકાળી ધ્રુવ સામાન્ય હૈ એક વહી સર્વ કથનોંકા સાર હૈ.'** એ જ કારણ પરમાત્મા છે અને એ જ બધા તત્ત્વોમાં, નવે તત્ત્વોમાં કોઈ સાર હોય તો એક આ તત્ત્વાર્થ સાર છે – શુદ્ધાત્મા, બીજું કોઈ સાર નથી. કારણ પરમાત્મા કહીને વાત લીધીને આપણે એકવાર.

કારણ પરમાત્મા એને એટલા માટે કહે છે કે, કાર્ય થવામાં આલંબનભૂત વિષય છે. કાર્ય થવામાં એ આલંબનભૂત વિષય છે અથવા પરમાત્માનું દર્શન થવામાં, નિજ પરમાત્માનું દર્શન થવામાં એ પોતે કારણરૂપે પડે છે. કારણરૂપે ઊભા છે. એવી ઉપમા લીધી હતી.

અન્ય મતમાં એ બધા પ્રકાર છે ને ? ભગવાન દર્શન દેવા આવે, ઉપરથી ભગવાન દર્શન દેવા આવે. ઘરના કમાડ બંધ કરીને સૂઈ ગયો હોય અને અર્ધી રાત્રે આવે. તે દિ' તો Doorbell નહોતી એટલે સાંકળ ખખડાવે, ઉઘાડ ! તું રોજ સ્મરણ કરે છો, તો અત્યારે આવવાનું મન થયું એટલે આવ્યો છું. સાંકળ ખખડાવે છે. એમ પર્યાયના દરવાજે આવીને કારણ પરમાત્મા અનંત કાળથી સાંકળ ખખડાવે છે કે, તારો પર્યાયનો દરવાજો ઉઘાડ, બારણાં ખોલ, હું ઊભો જ છું ! સદાય હાજરાહજૂર છે. ઓલા તો કો'ક દિ' આવે અને પાછા અંતર્ધાન પણ થઈ જાય. આ તો અનાદિથી આવેલા છે અને કદી થાકતા નથી, પાછા જાતા નથી. ઊભા જ છે અને ખખડાવે જ રાખે છે. પોતે બારણા ઉઘાડે તો તરત દર્શન થાય એવું છે. જાય નહિ ક્યાંય. એની અનંત કરુણા છે ને ! જાય નહિ, ઇ પાછા ન જાય. તું ન ઉઘાડ તો કાંઈ નહિ, મારું કાર્ય હું નહિ છોડું. તું તારી ફરજ ચૂક એટલે કંઈ મારે મારી ફરજ ચૂકી જવી, એવું કોણે કીધું ? એ તો ખખડાવે જ રાખે છે, ખોલ ! બારણું ખોલ ! હું ઊભો જ છું. એનું નામ કારણ પરમાત્મા છે.

(આ જીવ) અવગણના કરે છે, ઉપેક્ષા કરે છે, અપમાન કરે છે તોય પાછા જાતા નથી. આવા છે. અનંત કરુણાની મૂર્તિ આને કહેવાય. કારણપણે ઊભા જ રહે છે. ખખડાવ્યા જ કરે છે, ખોલ રે.. ખોલ તું દરવાજો ખોલ!

પ્રશ્ન :– પર્યાયને દરવાજે એટલે શું ?

સમાધાન :– એટલે શું છે કે ઇ મોઢું ફેરવીને બેઠો છે અથવા મિથ્યાશ્રદ્ધાનો કબાટ ખોલીને સમ્યક્શ્રદ્ધા

કરી નાખ, મિથ્યાજ્ઞાનનો કબાટ ખોલીને (સમ્યક્જ્ઞાનના) કબાટ ખોલી નાખ, એમ કહે છે.

ઇ પરમાત્મા એવા છે કે જેના દર્શનમાત્રથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન પ્રગટ થાય એમાં તો નવાઈ શું છે ? સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન થવા એ તો સાધારણ વાત થઈ. કેવળજ્ઞાન પ્રગટે એવા પરમાત્મા છે. એટલે એને કારણ પરમાત્મા કીધા છે અને કેવળજ્ઞાનને કાર્ય પરમાત્મા કીધું છે. કાર્ય પરમાત્મા થાય એને એ કારણ પરમાત્મા છે.

પ્રશ્ન :– સાર શબ્દ છે એ અવલંબન માટે છે ?

સમાધાન :– હા, સાર છે એ અવલંબન માટે કીધું છે. સાર છે, હિતરૂપ છે, સુખરૂપ છે, બધું એમાં આવે છે. સાર એટલે હિતરૂપ અને સુખરૂપ. પહેલા કળશમાં 'રાજમલ્લજી'એ એ અર્થ કર્યો છે. સમયસાર ! સાર એટલે હિતરૂપ અને સુખરૂપ.

પછી ૧-૧૧નો કાગળ છે. **'સતત દૃષ્ટિધારા બરસાતે, ચૈતન્ય કે પ્રદેશ-પ્રદેશ સહજ મહાન દીપોત્સવ કી ક્ષણે-ક્ષણે વૃદ્ધિ કરતે...'** દિવાળી ઉપર લખેલો કાગળ છે. નવેમ્બર છે ને ? **'શ્રી ગુરુદેવ કો અત્યંત ભક્તિભાવે નમસ્કાર !'** ભક્તિ કરી છે. મથાળામાં ભક્તિ કરી છે. પહેલું મથાળું બાંધ્યું છે પછી પત્ર લખ્યો છે.

**'સતત દૃષ્ટિધારા બરસાતે...'** જે દૃષ્ટિનું પરિણમન છે એ સતત, નિરંતર વર્તે છે અને પોતાના ચૈતન્યના પ્રદેશે પ્રદેશે સમ્યક્જ્ઞાનના દીવાઓની હારમાળા જેને પ્રગટાવ્યા કરી છે અને એમાં – એ જ્ઞાનના પ્રકાશમાં ક્ષણે ક્ષણે વૃદ્ધિ કરે છે, એવા 'ગુરુદેવ'ને હું અત્યંત ભક્તિભાવે નમસ્કાર કરું છું.

પ્રશ્ન :– દૃષ્ટિધારા બરસાતે એટલે ?

સમાધાન :– દૃષ્ટિધારા વરસાવે છે. આ કૃપાની દૃષ્ટિ વરસાવે છે. મારા ઉપર એમની સતત કૃપા છે. મારા ઉપર સતત એમની જે દૃષ્ટિ છે, કૃપાદૃષ્ટિ છે, મારા ઉપરની એમની કૃપાદૃષ્ટિ ક્યારેય એક ક્ષણ પણ બંધ થતી નથી. સતત દૃષ્ટિધારા વરસાવે છે.

મુમુક્ષુ :– બહારનું અંતર છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– પંદરસો માઈલનું અંતર છે ઇ કાપી નાખે છે. પંદરસો માઈલનું અંતર કાપી નાખે છે. જ્ઞાની જ્યારે 'ણમો લોએ સવ્વ સિદ્ધાણં,' એમ કહે ત્યારે સાત રાજુમાં અસંખ્ય યોજન છે. કેટલું ? મનુષ્યલોકમાં બેઠા છે. જ્ઞાનમાં સિદ્ધ પરમાત્માને યાદ કરે છે, સ્મરણ કરે, ણમો સિદ્ધાણં (એમાં) અસંખ્ય યોજનનું અંતર કાપી નાખે છે. ત્યાં બેઠેલા અનંતા સિદ્ધોને અંદર નીચે ઉતારે છે. અહીંયાં અંદરમાં લઈ આવે છે. અથવા એનો ઉપયોગ છે એ અસંખ્ય યોજનનું અંતર કાપીને ત્યાં જાય છે એમ કહો કે ઉપયોગમાં એને લઈ આવે છે એમ કહો. એટલે જ્ઞાનને ક્ષેત્રનું અને કાળનું અંતર રહેતું નથી. આત્માને ક્ષેત્ર અને કાળ નડતા નથી. ચોથો આરો હોય તો ધર્મ થાય એ વાત અહીંયાં નથી. પાંચમા આરામાં એ વાત નથી કે ચોથો આરો હોય તો ધર્મ થાય, બરાબર ધર્મ થાય. ચોથા આરામાં તો દરિયામાં રતન છે, અહીંયાં તો કૂંડામાં રતન છે એમ કહે છે. જલ્દી મળે એવું છે એમ કહે છે. ધર્મ પામવા માટે પ્રતિકૂળતા તે અનુકૂળતા છે એમ કહે છે.

**'પત્ર યથાસમય મિલા. મેરે પ્રતિ કે અનુરાગ સે, બારંબાર આપ લોગોં કો મુઝે વહાં બુલાને કા વિકલ્પ હોતા હૈ.'** કારણ કે હમણાં દિવાળી પહેલા તો આવી ગયા છે. **'પરંતુ પૂજ્ય ગુરુદેવ કે સાન્નિધ્ય કા, દીપાવલી કે અવસર પર, મુઝે લાભ સંભવ નહીં હૈ. આંખ કે ઑપરેશન કા સમય કમ રહ ગયા હૈ સો પૂરા-પૂરા ખયાલ મેં હૈ.'** લખ્યું છે કે પછી શિયાળામાં 'ગુરુદેવ'ને રૂઝ તરત આવે એટલે મોતિયાનું ઑપરેશન છે એ શિયાળામાં કરાવવાના હતા. નક્કી થઈ ગયું હતું. જરા ઠંડી વધે એટલે (કરાવવું). એટલે લખેલું કે પછી તો વ્યાખ્યાન બંધ થશે. આંખનું ઑપરેશન થશે પછી પણ અમુક ટાઇમ વાંચવાનું બંધ રાખવું પડે. એટલે થોડા દિવસો માટે વ્યાખ્યાનો બંધ થઈ જશે. માટે તમે લાભ લેવા માટે જલ્દી જલ્દી આવી જાવ. (એટલે કહે છે કે), મારા ખ્યાલમાં છે, પૂરા પૂરા ખ્યાલમાં છે.

**'શ્રી દીપચંદજી આદિ વહાં આયે...'** એ દિવાળી ઉપર આવતા હતા. **'શ્રી દીપચંદજી આદિ વહાં આયે હુએ હૈં વ મેરે સંબંધ મેં કુછ બાત ભી હુઈ લિખા**

**સો જાના.**' મારા સંબંધમાં પણ કંઈક વાત નીકળી છે (એ) જાણ્યું. **'અધિક કથા લિખૂં ? શ્રી બનારસીદાસજી કે પદ દોહરા દેતા હૂં :...'**

પ્રશ્ન :– આ વાત ખ્યાલમાં છે ?

સમાધાન :– એમાં શું છે કે, (બીજા એક મુમુક્ષુ) 'કલકત્તા' રહેતા હતા ને ? એ 'કલકત્તા' રહેતા હતા. એમને 'સોગાનીજી'નો ખૂબ વિરોધ હતો. એટલે એમને ખ્યાલ તો આવી જાય કે, આ માણસ મારા માટે ત્યાં શું લખે છે ? મારો વિરોધી મારા માટે શું લખે ઇ તો સામાન્ય બુદ્ધિનો વિષય છે. પેલાએ કીધું કે, તમારા વિશે કાંઈ વાત નીકળી. તો કહે, બધું ખ્યાલમાં છે. ઇ પોતે એ વાતને કાંઈ ખોલવા માગતા નહોતા.

મુમુક્ષુ :– પ્રદેશ ભિન્નતાની વાત..

પૂજ્ય ભાઈશ્રી :– ચાલી છે. આ જ અરસામાં ચાલી છે. એમને તો કંઈ એ વખતે બેસે નહિ. અત્યારે લોકોને બેસતું નથી, તે દિ' પ્રદેશ ભિન્નતાનું ક્યાંથી બેસે ? વિરોધ કરેલો. ત્યાં તો એમનો જરાક વિરોધ થયો હતો. 'કલકત્તા'માં તો વિરોધ થયો હતો. થાય, વિરોધ થાય એનું કાંઈ નહિ.

**'મૈં ત્રિકાલ કરનીસૌં ન્યારા, ચિદ્‌વિલાસ પદ જગ ઉજ્યારા'** મારો તો ચેતનમાં વિલાસ છે. બધી કરણીથી હું તો ભિન્ન છું, જાવ ! મારે કાંઈ લેવાદેવા નથી. **'મૈં ત્રિકાલ કરનીસૌં ન્યારા, ચિદ્‌વિલાસ પદ જગ ઉજ્યારા, રાગ વિરોધ મોહ મમ નાંહી,..'** રાગ વિરોધ મોહ એ કોઈ મારો નથી. **'મેરૌ અવલંબન મુઝ માંહી'** હું તો મારા અવલંબનમાં પડ્યો છું. રાગ કરે, દ્વેષ કરે, કોઈ કાંઈ કરે હું તો ચિદ્‌વિલાસમાં – મારા ચૈતન્યવિલાસમાં પડ્યો છું.

બીજું પદ લીધું છે – **'તજિ વિભાવ હૂજે મગન, સુદ્ધાતમ પદ માંહિ, એક મોખ-મારગ યહૈ, ઔર દૂસરૌ નાંહિ.'** વિભાવ તજીને શુદ્ધાત્મામાં મગ્ન થાય, આ એક જ મોક્ષમાર્ગ છે, બીજો કોઈ મોક્ષમાર્ગ નથી. એમણે કોઈ વાત લખી હશે. કોઈ વિગત લખી હશે કે, તમને માન્ય નથી કરતા કે કરે છે (એવું કાંઈક લખ્યું હશે).

એક વખત છેલ્લે છેલ્લે એ જ્યારે 'દિલ્હી' ઉપર થઈને 'કલકત્તા' ગયા ત્યારે (એક મુમુક્ષુના) ઘરે ગયા હતા. 'દિલ્હી' એમના કોઈ ભાઈ કે કો'ક રહેતા હતા. એટલે 'દિલ્હી' ઊતરે. 'દિલ્હી' ઊતર્યા, 'દિલ્હી' કાંઈક થોડો ટાઇમ રોકાવું હશે. પછી આ તો એમને પત્રવ્યવહાર કરતા હતા કે, આ બાજુથી નીકળો તો મને મળવાનો લાભ મળે. એટલે એના ઘરે ગયા હતા. (એ મુમુક્ષુએ) મને વાત કરેલી કે, મારા ઘરે આવ્યા હતા અને મેં એમને વાત કરી હતી કે અહીંયાં 'દિલ્હી'માં (બીજા એક મુમુક્ષુના) અનુયાયીઓ છે એ લોકો તમારી વિરુદ્ધ વાત કરે છે. 'ન્યાલચંદજી' સમ્યક્‌દૃષ્ટિ નથી, એ તો મિથ્યાદૃષ્ટિ છે, નિશ્ચયાભાસી છે. નિશ્ચયાભાસી તો બધા માનતા હતા, 'સોનગઢ'માં પણ (ઘણા) નિશ્ચયાભાસી (માનતા હતા). મેં કીધું, એમ, તમે એવી વાત કરી ? તો કહે, હા. (મેં પૂછ્યું) એમણે શું કીધું ? (તો કહે) કાંઈ બોલ્યા નહિ. સાંભળી લીધું, મને કાંઈ જવાબ નહોતો દીધો. ઠીક ! એવી વાત નહોતી કરવી, મેં કીધું. તમારો કોઈ વિરોધ કરે છે એવી વાત એમને કરવાની શું જરૂર ? કરનાર ભલે કરે. આપણે એમને વાત પહોંચડવાની જરૂર નહોતી. તો કહે, મારાથી તો સહેજે વાત થઈ ગઈ. મારી રોજની આ લોકોની સાથે ચર્ચા થતી હોય ને, એટલે મારાથી વાત સહેજે થઈ ગઈ હતી. એટલે એમને ખબર હતી કે, આ લોકો મારો વિરોધ કરે છે.

**'આપ સબોંકો જય જિનેન્દ્ર.'**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (ઑગસ્ટ-૨૦૧૨નું) શુલ્ક શ્રી ડૉ. મહેશ મહેતા અને ડૉ. ગીતા મહેતા, મુંબઈના નામથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**




૪૩૦

મુંબઈ, માહ વદ ૦)), ગુરુ, ૧૯૪૯

ૐ

અત્ર પ્રવૃત્તિઉદયે સમાધિ છે. લીમડી વિષે જે આપને વિચાર રહે છે, તે કરુણા ભાવના કારણથી રહે છે, એમ અમે જાણીએ છીએ.

કોઈ પણ જીવ પરમાર્થ પ્રત્યે માત્ર અંશપણે પણ પ્રાપ્ત થવાના કારણને પ્રાપ્ત થાય એમ નિષ્કારણ કરુણાશીલ એવા ઋષભાદિ તીર્થંકરોએ પણ કર્યું છે, કારણ કે સત્પુરુષોના સંપ્રદાયની સનાતન એવી કરુણાવસ્થા હોય છે કે, સમયમાત્રના અનવકાશે આખો લોક આત્માવસ્થા પ્રત્યે હો, આત્મસ્વરૂપ પ્રત્યે હો; આત્મસમાધિ પ્રત્યે હો, અન્ય અવસ્થા પ્રત્યે ન હો, અન્ય સ્વરૂપ પ્રત્યે ન હો, અન્ય આધિ પ્રત્યે ન હો; જે જ્ઞાનથી સ્વાત્મસ્થ પરિણામ હોય છે, તે જ્ઞાન સર્વ જીવો પ્રત્યે પ્રગટ હો, અનવકાશપણે સર્વ જીવ તે જ્ઞાન પ્રત્યે રુચિપણે હો, એવો જ જેનો કરુણાશીલ સહજ સ્વભાવ છે, તે સંપ્રદાય સનાતન સત્પુરુષોનો છે.

આપના અંતઃકરણમાં એવી કરુણાવૃત્તિથી લીમડી વિષેનો વારંવાર વિચાર આવ્યા કરે છે, અને આપના વિચારનું એક અંશ પણ ફળ પ્રાપ્ત થાય અથવા તે ફળ પ્રાપ્ત થવાનું એક અંશ પણ કારણ ઉત્પન્ન થાય તો આ પંચમકાળમાં તીર્થંકરનો માર્ગ બહુ અંશે પ્રગટ થવા બરોબર છે, તથાપિ તેમ થવું સંભવિત નથી અને તે વાટે થવા યોગ્ય નથી એમ અમને લાગે છે. જેથી સંભવિત થવાયોગ્ય છે અથવા એનો જે માર્ગ છે, તે હાલ તો પ્રવૃત્તિના ઉદયમાં છે; અને તે કારણ જ્યાં સુધી તેમને લક્ષગત નહીં થાય ત્યાં સુધી બીજા ઉપાય તે પ્રતિબંધરૂપ છે, નિઃસંશય પ્રતિબંધરૂપ છે.

જીવ જો અજ્ઞાનપરિણામી હોય તો તે અજ્ઞાન નિયમિતપણે આરાધવાથી જેમ કલ્યાણ નથી, તેમ મોહરૂપ એવો એ માર્ગ અથવા એવા એ લોક સંબંધી માર્ગ તે માત્ર સંસાર છે; તે પછી ગમે તે આકારમાં મૂકો તોપણ સંસાર છે, તે સંસારપરિણામથી રહિત કરવા અસંસારગત વાણીનો અસ્વચ્છંદપરિણામે જ્યારે આધાર પ્રાપ્ત થાય છે, ત્યારે તે સંસારનો આકાર નિરાકારતાને પ્રાપ્ત થતો જાય છે. બીજા પ્રતિબંધ તેમની દૃષ્ટિ પ્રમાણે કર્યા કરે છે, તેમ જ જ્ઞાનીનાં વચન પણ તેની તે દૃષ્ટિએ આરાધે તો કલ્યાણ થવા યોગ્ય લાગતું નથી. માટે તમે એમ ત્યાં જણાવો કે તમે કોઈ કલ્યાણના કારણ નજીક થવાના ઉપાયની ઇચ્છા કરતા હો તો તેના પ્રતિબંધ ઓછા થવાના ઉપાય કરો; અને નહીં તો કલ્યાણની તૃષ્ણાનો ત્યાગ કરો. તમે એમ જાણતા હો કે અમે જેમ વર્તીએ છીએ તેમ કલ્યાણ છે, માત્ર અવ્યવસ્થા થઈ ગઈ છે, તે જ માત્ર અકલ્યાણ છે, એમ જાણતા હો તો તે યથાર્થ નથી. વાસ્તવ્યપણે તમારું જે વર્તવું છે, તેથી કલ્યાણ ન્યારું છે, અને તે તો જ્યારે જ્યારે જે જે જીવને તેવો તેવો ભવસ્થિત્યાદિ સમીપ જોગ હોય ત્યારે ત્યારે તેને તે પ્રાપ્ત થવા યોગ્ય છે. આખા સમૂહને વિષે કલ્યાણ માની લેવા યોગ્ય નથી, અને એમ જો કલ્યાણ થતું હોય તો તેનું ફળ સંસારાર્થ છે; કારણ કે પૂર્વે એમ કરી જીવ, સંસારી રહ્યા કર્યો છે. માટે તે વિચાર તો જ્યારે જેને આવવો હશે ત્યારે આવશે. હાલ તમે તમારી રુચિ અનુસાર અથવા તમને જે ભાસે છે તે કલ્યાણ માની પ્રવર્તો છો તે વિષે સહજ, કોઈ જાતના માનની ઇચ્છા વગર, સ્વાર્થની ઇચ્છા વગર, તમારામાં ક્લેશ ઉત્પન્ન કરવાની ઇચ્છા વગર મને જે કંઈ ચિત્તમાં લાગે છે, તે જણાવું છું.

કલ્યાણ જે વાટે થાય છે તે વાટનાં મુખ્ય બે કારણ જોવામાં આવે છે. એક તો જે સંપ્રદાયમાં આત્માર્થે બધી અસંગપણાવાળી ક્રિયા હોય, અન્ય કોઈ પણ અર્થની ઇચ્છાએ ન હોય, અને નિરંતર જ્ઞાનદશા ઉપર જીવોનું ચિત્ત હોય, તેમાં અવશ્ય કલ્યાણ જન્મવાનો જોગ જાણીએ છીએ. એમ ન હોય તો તે જોગનો સંભવ

**(શેષ અંશ પૃષ્ઠ સંખ્યા–૪ ઉપર)**

# પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

પ્રશ્ન :– આવે છે ને ? કે જ્ઞાનીનો એક શબ્દ કાને પડે અને અંદરમાં પલટો ખાઈ જાય.

સમાધાન :– પોતાના પુરુષાર્થથી પલટો ખાય છે, પુરુષાર્થ વગર પલટો ખાતો નથી. માટે બધામાં ઉપાદાન પોતાનું છે. ગુરુદેવ કહે છે ને ? કે ઘણીવાર ભગવાન મળ્યા; પણ પોતાની ખામીને લઈને પલટ્યો નહિ. ભગવાનનું નિમિત્ત તો જોરદાર હતું, ગુરુદેવનું નિમિત્ત પણ જોરદાર હતું; પણ પલટો પોતે ખાતો નથી.

**(સ્વાનુભૂતિદર્શન-૨૯૯)**

❈

પ્રશ્ન :– ભાવના તો છે કે પલટો ખાવો છે, પણ પુરુષાર્થ ઊપડતો નથી ?

સમાધાન :– બેડીથી મૂંઝાયેલો હોય તે બેડી તોડવાનો માર્ગ ગોત્યા વગર રહેતો જ નથી. પોતે મૂંઝાણો છે કે આ બેડી કેમ તૂટે ? તો તેનો માર્ગ ગમે તેમ કરીને અને ગમે તે સાધનો ભેગાં કરીને તોડ્યા વગર રહેતો જ નથી. તેમ ખરો મૂંઝાયેલો હોય તે છૂટ્યા વગર રહેતો જ નથી. ખરી પોતાને અંદરથી લાગી નથી, તીવ્ર તાલાવેલી નથી. ખરી લાગે તો તોડવાનો પ્રયત્ન પોતે જ કરે છે. **(સ્વાનુભૂતિદર્શન-૩૦૦)**

❈

પ્રશ્ન :– એમ થાય કે ગુરુદેવ તથા આપ મળ્યાં છો તો વારંવાર પરિચય કરીએ, પાસે જઈને લાભ લઈએ તથા સાંભળવાનું, વાંચવાનું આદિ બધું કરીએ છીએ; પણ આ પલટો ખાવાની વાત અઘરી પડે છે.

સમાધાન :– અંતરમાં તેણે ધીરા થઈને, સૂક્ષ્મ થઈને ઊંડું જાવું પડે તે નથી જતો અને અનાદિનો એનું એ કર્યા કરે છે તેથી અઘરું પડે છે. પોતે અંદર વિચારીને જોવે કે પોતે ક્યા કારણથી રોકાયેલો છે, તે તો પોતે જ પકડી શકે એમ છે. પોતે રોકાયેલો છે, કોઈ રોકતું નથી. **(સ્વાનુભૂતિદર્શન-૩૦૧)**



પ્રશ્ન :– પલટવું એટલું બધું આકરું છે કે પલટો થતો જ નથી ?

સમાધાન :– અનાદિનો બીજો અભ્યાસ છે એટલે આકરું લાગે છે; પણ આકરું નથી, સહજ છે. પોતાની આળસ છે તેથી જાગતો જ નથી. બાકી જાગવાનું પોતાના હાથમાં છે. ગુરુદેવની વાણીએ બધાને જાગૃત કરી દીધા ને બધાને આત્મા તરફની રુચિ થઈ; પણ પછી પુરુષાર્થ કરવાનો પોતાના હાથમાં રહે છે. સંસાર નિઃસાર છે, આત્મા જ એક સારભૂત છે. કેટલાય જીવોને રુચિ થઈ; પણ પછી આગળ જવું તે પોતાના હાથની વાત છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૦૨)**

❈

પ્રશ્ન :– કેવા પ્રકારે ઊપડેલો જીવ આગળ જઈ શકે ?

સમાધાન :– બીજા કોઈ હેતુથી-કોઈ મોટાઈ આદિના પ્રયોજનથી-ઊપડેલો ન હોય, પણ બધું યથાર્થ સમજીને એટલે કે દ્રવ્ય-ગુણ-પર્યાયનું જેવું સ્વરૂપ છે તેવું બરાબર સમજીને એક આત્માના પ્રયોજનથી ઊપડેલો હોય તે આગળ જઈ શકે છે. ચારે પડખેથી–ચારે બાજુથી સમજણપૂર્વક દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ સમજીને, અને એક મારે આત્માનું જ કરવું છે, આ બધું દુઃખરૂપ છે, આત્મા જ સુખરૂપ છે, એમ અનેક રીતે યથાર્થપણે ઊપડેલો હોય તો તે આગળ જાય છે. કોઈ બીજી જાતની આશા, કીર્તિ-પિપાસા વગરનો અને સમજણપૂર્વક ઊપડેલો હોય તે આગળ જાય છે.

**(સ્વાનુભૂતિદર્શન-૩૦૩)**

❈

**જ્ઞાનવૈભવધારી સાતિશય શ્રુતજ્ઞાનના ધણી ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર ચૈતન્યરત્ન પ્રશમમૂર્તિ ધન્યાવતાર પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૯૯મા મંગલકારી જન્મજયંતી મહોત્સવ પ્રસંગે**

**શત શત વંદન**



(પૂજ્ય) બહેનશ્રી ગણધરનો જીવ છે. એટલે એ ભવિષ્યમાં બાર અંગ રચવાના છે. બહેનશ્રીની બહુ સૂક્ષ્મ નજર હતી. વર્તમાન સમાજને ખરેખર શું જરૂર છે ? એ એમને બહુ જ્ઞાનમાં આવ્યું છે. એમના વચનામૃત બહાર પડ્યા ત્યારે ગુરુદેવ ફિદા થઈ ગયા, આફરીન થઈ ગયા ! એક-એક બોલમાં એકલું અધ્યાત્મનું અમૃત જ છે એમ કહીએ તો ચાલે. ભાવનાનો વિષય સ્થાપીને તો એમણે નિવેડો લાવી દીધો છે. મુમુક્ષુઓને તો એક રત્ન જ હાથમાં આવી ગયું, એમ કહીએ તો ચાલે.

*–પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ*